સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 10

MARCH-2024
03-03-24 To 09-03-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા











સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**03 MAR-2024**

- દિવસ મહિમા : 03 માર્ચ, વિશ્વ વન્ય જીવ દિવસ (World Wildlife Day), વિશ્વ શ્રવણ દિવસ (World Hearing Day)....... 02
- IE 100-List of the Most Powerful Indians-2024....... 02
- નામિબીયાના ક્રિકેટર લોફ્ટી ઈટને સૌથી ઝડપી આંતરરાષ્ટ્રીય T-20 સદી ફટકારી....... 03
- સિક્કિમના પ્રથમ રેલવે સ્ટેશનનો રંગપોમાં શિલાન્યાસ....... 04
- સરકારે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં 'મેરા પહેલા વોટ દેશ કે લિયે' પહેલ શરૂ કરી....... 05
- QUESTION ANSWERS ....... 06

**04 MAR-2024**

- દિવસ મહિમા : 04 માર્ચ, રાષ્ટ્રીય સુરક્ષા દિવસ....... 07
- 56 બેઠકો પર રાજ્યસભાની ચૂંટણી....... 07
- પ્રસિદ્ધ ગઝલ ગાયક શ્રી પંકજ ઉધાસનું નિધન....... 10
- QUESTION ANSWERS ....... 12

**05 MAR-2024**

- ભારતની પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ફેરીનું ઉદ્ઘાટન....... 13
- તાવી ફેસ્ટિવલ : જમ્મુની સંસ્કૃતિ અને વારસાની ઉજવણી....... 13
- ભારતનું બીજુ સ્પેસપોર્ટ તમિલનાડુમાં બનાવવામાં આવશે....... 14
- દેશમાં સૌથી વધારે દીપડા મધ્યપ્રદેશમાં નોંધાયા....... 14
- DRDO દ્વારા VSHORADS મિસાઈલનું સફળ ઉડાન પરીક્ષણ....... 15
- ફિનલેન્ડના નવા રાષ્ટ્રપતિ : શ્રી એલેક્ઝાન્ડર સ્ટબ....... 16
- QUESTION ANSWERS ....... 17

**06 MAR-2024**

- ફ્રાન્સે તેના બંધારણમાં ગર્ભપાતના અધિકારનો સમાવેશ કર્યો....... 18
- શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે ચૂંટાયા....... 18
- ભારતનું પ્રથમ ડોલ્ફિન સંશોધન કેન્દ્ર....... 18
- સમુદ્ર લક્ષ્મણ કવાયત : ભારત-મલેશિયા....... 19
- માજુલી માસ્ક, પાંડુલિપી અને નરસાપુર ક્રોશેટ લેસ શિલ્પને GI ટેગનો દરજ્જો મળ્યો....... 19
- INS જટાયુ....... 21
- QUESTION ANSWERS ....... 22

**07 MAR-2024**

- દિવસ મહિમા : 07 માર્ચ, જન ઔષધિ દિવસ....... 23
- BSFના પ્રથમ મહિલા સ્નાઈપર : સુશ્રી સુમન કુમારી....... 23
- ઇ-કિસાન ઉપજ નિધિ (e-Kishan Upaj Nidhi)....... 23
- કોલકાતામાં ભારતની પ્રથમ અંડરવોટર મેટ્રો ટ્રેન સેવા શરૂ કરવામાં આવી....... 24
- QUESTION ANSWERS ....... 26

**08 MAR-2024**

- દિવસ મહિમા : 08 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day), મહાવદ તેરસ, મહાશિવરાત્રી....... 27
- ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો....... 27
- સ્વીડન નાટો (NATO)માં જોડાયું....... 28
- QUESTION ANSWERS ....... 32

**09 MAR-2024**

- ભારતનો પ્રથમ AI શિક્ષક રોબર્ટ : IRIS....... 33
- વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2027ના યજમાનની જાહેરાત....... 33
- બેંગ્લુરુમાં ભારતની પ્રથમ ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેન મળશે....... 34
- BPCL 'સ્પીડ' પેટ્રોલ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શ્રી નીરજ ચોપરાની નિમણૂક....... 34
- QUESTION ANSWERS ....... 35

ONE LINER ....... 36

QUESTION OF THIS WEEK ....... 41


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

Join Whatsapp Group joinicerajkot.com CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 03 માર્ચ, (1) વિશ્વ વન્ય જીવ દિવસ (World Wildlife Day)
## (2) વિશ્વ શ્રવણ દિવસ (World Hearing Day)

### વિશ્વ વન્ય જીવ દિવસ




વન્યજીવો અને વનસ્પતિ સૃષ્ટિ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 3 માર્ચના રોજ 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણી માટે થાઈલેન્ડ દ્વારા સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 68મા સત્રમાં 20 ડિસેમ્બર, 2013ના રોજ આ દિવસની ઉજવણી માટે પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2024ની 'World Wildlife Day' ની થીમ 'Connecting People and Planet : Exploring Digital Innovation in Wildlife Conservation' છે.

## IE 100-List of the Most Powerful Indians-2024

તાજેતરમાં ઈન્ડિયન એક્સપ્રેસે દેશના 100 સૌથી શક્તિશાળી વ્યક્તિઓની એક યાદી બહાર પાડી છે.



- આ યાદીમાં રાજકરણ, ઉદ્યોગ–વેપાર, રમતગમત, મનોરંજન સહિત વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા દેશના અગ્રણી વ્યક્તિઓને સ્થાન આપવામાં આવ્યું છે.
- 2024ના સૌથી શક્તિશાળી ભારતીયોની યાદીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ બીજા ક્રમે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ત્રીજા સ્થાને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા શ્રી મોહન ભાગવત છે.

**ટોચના 10 શક્તિશાળી ભારતીયો**

| ક્રમ | નામ |
|---|---|
| 1 | શ્રી નરેન્દ્રભાઈ મોદી (વડાપ્રધાન) |
| 2 | શ્રી અમિતભાઈ શાહ (ગૃહમંત્રી) |
| 3 | શ્રી મોહન ભાગવત (RSSના વડા) |
| 4 | શ્રી ડી.વાય.ચંદ્રચુડ (સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ) |
| 5 | શ્રી એસ. જયશંકર (વિદેશ મંત્રી) |
| 6 | શ્રી યોગી આદિત્યનાથ (ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી) |
| 7 | શ્રી રાજનાથ સિંહ (સંરક્ષણ મંત્રી) |
| 8 | શ્રીમતી નિર્મલા સીતારામન (નાણામંત્રી) |
| 9 | શ્રી જે.પી.નડ્ડા (BJP અધ્યક્ષ) |
| 10 | શ્રી ગૌતમ અદાણી (ચેરમેન અદાણી ગ્રુપ) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** ઉપરોક્ત 10 નામ ઉપરાંત શ્રી મુકેશ અંબાણી 11મા ક્રમે, સુશ્રી મમતા બેનર્જી 15મા ક્રમે, શ્રી રાહુલ ગાંધી 16મા ક્રમે, શ્રી અજીત ડોભાલ 17મા ક્રમે, શ્રી અરવિંદ કેજરીવાલ 18મા ક્રમે અને RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસ 19મા ક્રમે છે.

## નામિબીયાના ક્રિકેટર લોફ્ટી ઈટને સૌથી ઝડપી આંતરરાષ્ટ્રીય T-20 સદી ફટકારી

તાજેતરમાં નામિબીયાના ક્રિકેટર શ્રી લોફ્ટી–ઈટને ઈન્ટરનેશનલ T-20 ફોર્મેટમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

- શ્રી લોફ્ટી ઈટને નેપાળ સામેની T-20 મેચ દરમિયાન માત્ર 33 બોલમાં 100 રન નોંધાવ્યા હતા.
- આ અગાઉ નેપાળના શ્રી કુશલ મલ્લાનો 34 બોલમાં સદી ફટકારવાનો રેકોર્ડ હતો.

## T-20 ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન

| બેટ્સમેન | કેટલા બોલમા સદી | દેશ |
|---|---|---|
| શ્રી લોફ્ટી–ઈટન | 33 | નામિબીયા |
| શ્રી કુશલમલ્લા | 34 | નેપાળ |
| શ્રી ડી.મીલર | 35 | દ.આફ્રિકા |
| શ્રી રોહિત શર્મા | 35 | ભારત |



## સિક્કિમના પ્રથમ રેલવે સ્ટેશનનો રંગપોમાં શિલાન્યાસ



તાજેતરમાં વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદીએ</u> <u>રંગપો ખાતે સિક્કિમના પ્રથમ રેલવે સ્ટેશનનો</u> શિલાન્યાસ કર્યો હતો.

- પ્રથમ તબક્કામાં પશ્ચિમ બંગાળના સેવોકથી સિક્કિમના રંગપો સુધી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવશે, જ્યારે બીજા તબક્કામાં રંગપોથી ગંગટોક સુધીનો રેલ પ્રોજેક્ટ અને ત્રીજા તબક્કામાં ગંગટોકથી નાથુલા સુધીના રેલ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.
- સિક્કિમ રાજ્યના ઈતિહાસમાં આ એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે.
- સ્ટેશનની ડિઝાઈન, સ્થાનિક સંસ્કૃતિ, વારસો અને સ્થાપત્યમાં ઊંડે ઊંડે સુધી જડેલી છે.

## સરકારે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં 'મેરા પહેલા વોટ દેશ કે લિયે' પહેલ શરૂ કરી




તાજેતરમાં કેન્દ્ર સરકારે 27 ફેબ્રુઆરી, 2024થી દેશભરની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં 'મેરા પહેલા વોટ દેશ કે લિયે' અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી હતી.

- આ અભિયાનનો ઉદ્દેશ્ય કેમ્પસની અંદર મતદાર જાગૃતિ કાર્યક્રમો હાથ ધરીને ચૂંટણી પ્રક્રિયામાં યુવાનોની સહભાગિતાને પ્રોત્સાહિત કરવાનો છે.
- જે લોકશાહી માધ્યમો દ્વારા રાષ્ટ્રના ભાવિને ઘડવામાં યુવા મતદારોને જોડવા પર સરકારના ભારને પ્રતિબિંબિત કરે છે.
- આ ઉપરાંત આ પહેલ ચૂંટણીના સર્વોચ્ચ મહત્ત્વ અને વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં મતદાન સાથે સંકળાયેલા ગૌરવને દર્શાવે છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ શ્રવણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(C)**

2. 'વિશ્વ વન્ય જીવ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(C)**

3. વર્ષ 2024ની 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની થીમ શું છે ?

(A) Listen to the Young Voices

(B) Sustaining all life on Universe

(C) It's time to get Serious about Wildlife Crime

(D) Connecting People and Planet : Exploring Digital Innovation in Wildlife Conservation **(D)**

4. તાજેતરમાં ઈન્ડિયન એક્સપ્રેસ (IE)એ દેશના 100 સૌથી શક્તિશાળી વ્યક્તિઓની એક યાદી બહાર પાડી હતી. તેમાં પ્રથમ ક્રમે કોણ હતું ?

(A) શ્રી મુકેશ અંબાણી (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી

(C) શ્રી ગૌતમ અદાણી (D) શ્રી યોગી આદિત્યનાથ **(B)**

5. તાજેતરમાં શ્રી લોફટી ઈટને સૌથી ઝડપી આંતરરાષ્ટ્રીય T-20 સદી ફટકારી છે, તેઓ કયા દેશના ખેલાડી છે ?

(A) નામિબીયા (B) નેપાળ (C) થાઈલેન્ડ (D) આયર્લેન્ડ **(A)**

6. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરાયેલ સિક્કિમના પ્રથમ રેલવે સ્ટેશનનું નામ શું છે ?

(A) રંગપો રેલવે સ્ટેશન (B) ગંગટોક રેલવે સ્ટેશન

(C) ઝુલુક રેલવે સ્ટેશન (D) સોરેન્ગ રેલવે સ્ટેશન **(A)**

7. તાજેતરમાં સરકારે કઈ સંસ્થાઓમાં 'મેરા પહેલા વોટ દેશ કે લિયે' અભિયાન શરૂ કર્યુ છે ?

(A) ધાર્મિક સંસ્થાઓ (B) ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ

(C) પ્રાથમિક શાળાઓ (D) સરકારી કચેરીઓ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 04 માર્ચ, રાષ્ટ્રીય સુરક્ષા દિવસ

## 56 બેઠકો પર રાજ્યસભાની ચૂંટણી

તાજેતરમાં 15 રાજ્યોની 56 બેઠકોમાં રાજ્યસભાની ચૂંટણી યોજાઈ હતી.

- જેમાંથી 41 ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.
- ગુજરાતમાં 4 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ચાર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા.
- ગુજરાતના આ બિનહરીફ વિજેતામાં BJP અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડા, શ્રી ગોવિંદભાઈ ધોળકીયા, શ્રી મયંક નાયક અને ડૉ. જશવંતસિંહ પરમારનો સમાવેશ થાય છે.

### રાજ્યસભા (The Council of States)



રાજ્યસભા એ સંસદનું ઉપલું ગૃહ છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 80માં રાજ્યસભાની રચના અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- આ જોગવાઈ અનુસાર રાજ્યસભાની મહત્તમ સભ્ય સંખ્યા 250 રહેશે.
- વર્તમાન રાજ્યસભાની સભ્ય સંખ્યા 245 છે, જેમાંથી 233 સભ્યો પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાઈને આવે છે.
- જ્યારે અનુચ્છેદ, 80(3) મુજબ 12 સભ્યોને રાષ્ટ્રપતિ દ્વારા સાહિત્ય, વિજ્ઞાન, કલા અને સમાજ સેવા જેવા ક્ષેત્રોમાંથી નીમવામાં આવે છે.
- રાજ્યસભાના સભ્યોની મહત્તમ 250 સંખ્યામાંથી ચૂંટાયેલા સભ્યોની મહત્તમ સંખ્યા 238 રહેશે.

**નોંધ :** રાજ્યસભાના 245 સભ્યોમાંથી 12 સભ્યોની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે. આથી, ભારતમાં હાલ 245-12 = 233 સભ્યો રાજ્યસભામાં ચૂંટાઈને આવે છે. જોકે, આ સંખ્યા વધારીને મહત્તમ 238 સુધી કરી શકાય છે. (238 + 12 રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક = 250 કુલ મહત્તમ સંખ્યા)

### રાજ્યસભામાં બેઠકોની ફાળવણી

ભારતીય બંધારણના અનુચ્છેદ 80(2) મુજબ રાજ્યસભામાં બેઠકોની ફાળવણી બંધારણની ચોથી અનુસૂચિમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર કરવામાં આવે છે.

- ભારતમાં કયા રાજ્યમાંથી રાજ્યસભાની કેટલી બેઠકો હશે એ નક્કી કરવા માટે 'સમાન પ્રતિનિધિત્વના સિદ્ધાંત'ને નહિ, પરંતુ વસતીને આધાર બનાવવામાં આવ્યો છે.
- એટલે કે ભારતમાં જે તે રાજ્યની વસતીને આધારે રાજ્યસભાના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવે છે.
- ભારતમાં હાલ રાજ્યસભામાં સભ્યોની સંખ્યા 1971ની વસતી ગણતરી આધારિત છે. જેમાં વર્ષ 2026 સુધી કોઈ ફેરફાર થશે નહિ.
- વસતીને આધારે રાજ્યસભામાં સભ્યોની સંખ્યા નીચેની રીતે નક્કી કરવામાં આવે છે :

  (1) દરેક રાજ્યની પ્રથમ 50 લાખની વસતી સુધી દર 10 લાખ વ્યક્તિએ 1 સભ્ય

  (2) અને પ્રથમ 50 લાખ બાદ દર 20 લાખ વ્યક્તિએ 1 સભ્ય
- ભારતીય બંધારણની ચોથી અનુસૂચિમાં આપવામાં આવેલી રાજ્યસભાની બેઠકોની યાદી અનુસાર ભારતમાં સૌથી વધુ સભ્યો ઉત્તરપ્રદેશમાં 31 છે.
- ભારતમાં રાજ્યસભાના સૌથી વધુ સભ્યો ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો આ પ્રમાણે છે :

  (1) ઉત્તરપ્રદેશ 31, (2) મહારાષ્ટ્ર 19, (3) તમિલનાડુ 18
- ગુજરાતમાં રાજ્યસભાની 11 બેઠકો છે.
- ગુજરાત ઉપરાંત આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં પણ રાજ્યસભાની 11-11 બેઠકો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્યસભાની બેઠકો

| રાજ્ય | બેઠકો | રાજ્ય | બેઠકો |
|---|---|---|---|
| ઉત્તરપ્રદેશ | 31 | ઝારખંડ | 6 |
| મહારાષ્ટ્ર | 19 | હરિયાણા, છત્તીસગઢ | 5 |
| તમિલનાડુ | 18 | ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ | 3 |
| બિહાર, પશ્ચિમ બંગાળ | 16 | ગોવા, અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ સિક્કિમ, મણિપુર, ત્રિપુરા નાગાલેન્ડ, મેઘાલય | 1 |
| કર્ણાટક | 12 | | |
| ગુજરાત, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ | 11 | | |
| રાજસ્થાન, ઓડિશા | 10 | જમ્મુ કાશ્મીર | 4 |
| કેરળ | 9 | દિલ્હી | 3 |
| આસામ, પંજાબ, તેલંગાણા | 7 | પુડુચેરી | 1 |

નોંધ : (1) હાલ રાજ્યસભામાં કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 8 બેઠકો છે, જેમાં દિલ્હીની 3, પુડુચેરીની 1 અને જમ્મુ કાશ્મીરની 4 બેઠકોનો સમાવેશ થાય છે.

(2) ભારતમાં '7મા બંધારણીય સુધારા 1956' અનુસાર ભારતમાં કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા સંસદ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલી પદ્ધતિથી નક્કી કરવામાં આવે છે.

## રાજ્યસભાના સભ્ય બનવા માટેની યોગ્યતા

ભારતીય બંધારણના અનુચ્છેદ 84 અનુસાર રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાત આ પ્રમાણે છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેમની ઉંમર ઓછામાં ઓછી 30 વર્ષ હોવી જોઈએ.

(3) તેઓ કોઈ 'લાભના પદ' (Office of Profit) પર ન હોવા જોઈએ.

(4) તેઓ દેવાળિયા કે વિકૃત મગજના ન હોવા જોઈએ.

(5) આ ઉપરાંત વખતો વખત સંસદ દ્વારા જો કોઈ યોગ્યતા નક્કી કરવામાં આવી હોય તો તે તેઓ ધરાવતા હોવા જોઈએ.

નોંધ : (1) જો કોઈ એવો પ્રશ્ન ઉદ્ભવે કે કોઈ ઉમેદવાર રાજ્યસભાની ચૂંટણી લડવા માટે લાયક છે કે નહિ, તો આ અંગેનો અંતિમ નિર્ણય કરવાની સત્તા રાષ્ટ્રપતિને છે.

(2) રાષ્ટ્રપતિ ચૂંટણી પંચને ભલામણને આધારે નિર્ણય આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ

ભારતીય બંધારણના અનુચ્છેદ 83(1) અનુસાર રાજ્યસભા એ ભારતની સંસદનું સ્થાયી અથવા તો કાયમી ગૃહ છે. જેનું ક્યારેય વિસર્જન થતું નથી.

- એટલે કે ભારતમાં રાજ્યસભા કાયમી ગૃહ છે, પરંતુ તેના સભ્યો કાયમી હોતા નથી.
- પરંતુ રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે.
- ભારતમાં દર 2 વર્ષે રાજ્યસભાના 1/3 સભ્યો નિવૃત્ત થાય છે અને એટલા જ સભ્યો નવા ચૂંટાય છે.

## રાજ્યસભાના સભ્યોની ચૂંટણી

ભારતમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તથા રાજ્યસભા અને વિધાન પરિષદના સભ્યોની ચૂંટણી 'સપ્રમાણ પ્રતિનિધિત્વ (Proporational Representation)'ના સિદ્ધાંત અનુસાર થાય છે.

- આ અંતર્ગત રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો 'સપ્રમાણ પ્રતિનિધિત્વની પદ્ધતિ' અનુસાર 'એકલ સંક્રમણીય મત' (Singal Transferable Vote)ના આધારે રાજ્યસભાના સભ્યોની પસંદગી કરે છે.

## Open Ballot System

ભારતમાં અગાઉ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે 'ગુપ્ત મતદાન' (Secret Ballot System) સ્વીકારી હતી.

- જોકે, હાલ ભારતમાં રાજ્યસભાની ચૂંટણીમાં ગુપ્ત મતદાન નહિ, પરંતુ ખુલ્લું મતદાન થાય છે.

## શું ભારતનો નાગરિક કોઈપણ રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે ?

ભારતમાં અગાઉ 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951' અંતર્ગત એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, રાજ્યસભાનો ઉમેદવાર જે રાજ્યમાંથી ચૂંટણી લડતો હોય તે રાજ્યનો નિવાસી હોવો જોઈએ, અને એ રાજ્યની મતદાર યાદીમાં તેનું નામ નોંધાયેલું હોવું જોઈએ.

- પરંતુ વર્ષ 2003માં 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'માં સુધારો કરીને સંસદે સ્થાનિક નિવાસ સંબંધી આ શરત હટાવી દીધી છે.
- આથી, ભારતમાં હવે એક રાજ્યનો વ્યક્તિ બીજા રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે.

## રાજ્યસભાના સભ્યોના શપથ

ભારતીય બંધારણના અનુચ્છેદ-99 મુજબ રાજ્યસભાના દરેક સભ્યે રાષ્ટ્રપતિ કે તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ બંધારણની ત્રીજી અનુસૂચિમાં આપેલા નમૂના મુજબ શપથ લેવાના હોય છે. અને પ્રતિજ્ઞાપત્ર ઉપર પોતાની સહી કરવી જોઈશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રસિદ્ધ ગઝલ ગાયક શ્રી પંકજ ઉધાસનું નિધન



પ્રસિદ્ધ ગઝલ ગાયક શ્રી પંકજ ઉધાસનું 26 ફેબ્રુઆરી, 2024ના રોજ 72 વર્ષની વયે નિધન થયું છે.

- ગુજરાતીભાષી ગઝલ ગાયકે ઉર્દુ ગઝલને છેલ્લા ચાર દાયકાની પ્રદીર્ઘ કારકિર્દી દરમિયાન દેશ અને દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડી હતી.
- તેઓ 'ચિઠ્ઠી આઈ હૈ..' ગઝલથી પ્રસિદ્ધ બન્યા હતા.

## શ્રી પંકજ ઉધાસ

શ્રી પંકજ ઉધાસનો જન્મ 17 મે, 1951ના રોજ ગુજરાતમાં રાજકોટ જિલ્લાના જેતપુરના નવાગઢમાં થયો હતો.

- તેમણે BPTI ભાવનગરમાં અભ્યાસ કર્યો હતો, ત્યારબાદ તેમનો પરિવાર મુંબઈ આવી ગયો હતો જ્યાં તેમણે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ કર્યો હતો.
- તેમના મોટા ભાઈ મનહર ઉધાસે બોલિવૂડ ફિલ્મોમાં હિન્દી પ્લેબેક સિંગર તરીકે સફળતા મેળવી હતી.
- તેમણે 1980માં આહત નામના ગઝલ આલ્બમના પ્રકાશન સાથે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- ત્યારબાદ 1981માં મુકાર, 1982માં તરન્નમ, 1983માં મહેફિલ, 1980માં નાયબ વગેરે જેવી હિટ ફિલ્મો રેકોર્ડ કરી હતી.
- તેમની ગઝલ 'ચિઠ્ઠી આયી હૈ...'થી પ્રસિદ્ધ બન્યા હતા.
- આ ઉપરાંત તેમણે ઘણી હિન્દી ફિલ્મોમાં પ્લેબેક સિંગિગ કર્યુ હતું.
- આ ઉપરાંત તેમની અન્ય ગઝલોમાં ચાંદી જૈસા રંગ કે તેરા, થોડી થોડી પિયા કરો, મૈં નશે મે હું, એક તરફ ઉસકા ઘર, નીકાલોના બેનકાબ, જીયે તો જીયે કૈસે બિન આપકે, ના કજરે કી ધાર... વગેરે તેમની મશહૂર ગઝલ છે.
- ભારત સરકાર દ્વારા તેમને વર્ષ 2006માં પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. નીચેના પૈકી કયા દિવસે 'રાષ્ટ્રીય સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(D)**

2. ફેબ્રુઆરી 2024 દરમિયાન રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી કયા ચાર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા ?

(A) શ્રી જે.પી.નડ્ડા, શ્રી ગોવિંદ ધોળકિયા, શ્રી મયંકભાઈ નાયક, શ્રી જશવંતસિંહ પરમાર

(B) શ્રી પરશોત્તમ રૂપાલા, શ્રી મનસુખ માંડવિયા, શ્રી નારણભાઈ રાઠવા, શ્રી નરહરી અમીન

(C) શ્રી રાજનાથ સિંહ, શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી પુરષોત્તમ રૂપાલા, શ્રી સંજયસિંહ

(D) શ્રી મનસુખ માંડવિયા, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી અરવિંદ ધોળકિયા, શ્રી અર્જુન મોઢવાડિયા **(A)**

3. ભારતમાં નીચેનામાંથી કયા રાજ્યમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા 11 નથી ?

(A) ગુજરાત (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) મધ્યપ્રદેશ **(B)**

4. ભારતમાં કયા રાજ્યમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા સૌથી વધુ છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) તમિલનાડુ **(A)**

5. તાજેતરમાં પ્રસિદ્ધ ગઝલ ગાયક શ્રી પંકજ ઉધાસનું નિધન થયું છે. તેમનો જન્મ ગુજરાતમાં કયા સ્થળે થયો હતો ?

(A) મહુવા (B) પાટણ (C) જેતપુર (D) ઈડર **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ફેરીનું ઉદ્‌ઘાટન

29 ફેબ્રુઆરી, 2024ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેરળના કોચી હાર્બર ખાતે ભારતની પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ફેરીનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.



- CSL (કોચીન શિપયાર્ડ લિમિટેડ) દ્વારા બનાવવામાં આવેલ 24 મીટરનું જહાજ દેશ માટે ટકાઉ પરિવહનમાં મોટી પ્રગતિ દર્શાવે છે.
- 'સૂચેતા' નામની આ કેટામરન બોટ હાઈડ્રોજન ઈંધણ સેલ દ્વારા સંચાલિત ઈલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમનો ઉપયોગ કરે છે.
- 50 મુસાફરો લઈ જવાની ક્ષમતા સાથે તેમાં એર કન્ડીશનીંગ અને આરામદાયક બેઠકની પણ સુવિધા છે.
- ઓનબોર્ડ ઈંધણ કોષો હાઈડ્રોજન અને ઓક્સિજન વચ્ચેની રાસાયણિક પ્રક્રિયા દ્વારા વીજળી ઉત્પન્ન કરે છે, જેમાં પાણી અને આડપેદાશો તરીકે ઊર્જા છે.

નોંધ : (1) કોચી ઈન્ટરનેશનલ વોટર મેટ્રો પ્રોજેક્ટના ભાગરૂપે સુચેતાના ફ્યુઅલ સેલ અને ઈલેક્ટ્રિક મોટરને સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે.

(2) L & T અને ઈન્ડિયન રજિસ્ટર ઓફ શિપિંગ જેવા ઉત્પાદકો સાથેની ભાગીદારીમાં CSL દ્વારા સંચાલિત આ પહેલ 'આત્મનિર્ભર ભારત'ના કેન્દ્ર સરકારના વિઝનને ચિન્હિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તાવી ફેસ્ટિવલ : જમ્મુની સંસ્કૃતિ અને વારસાની ઉજવણી

જમ્મુ અને કાશ્મીરે 1 થી 4 માર્ચ 2024 દરમિયાન વાર્ષિક 'તાવી ફેસ્ટિવલ'નું આયોજન કર્યુ હતું.

- જમ્મુ શહેરમાંથી વહેતી તાવી નદીના કિનારે કેન્દ્રિત આ કાર્યક્રમ કલા, ભોજન, સાહિત્ય વગેરે દ્વારા પ્રદેશના જીવંત સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.
- આ ફેસ્ટિવલનું આયોજન પર્યટન વિભાગ, જમ્મુ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેરની મુખ્ય સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.



- તે જમ્મુની વિશિષ્ટ નૈતિકતા તરફ ધ્યાન દોરતી વખતે સ્થાનિક પ્રતિભા અને સાહસોને ઉછેરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- ચાર દિવસીય આ ફેસ્ટિવલ દરમિયાન સંગીત, નૃત્ય, થિયેટર, ચર્ચા, ભોજન અને ખરીદી સહિતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભારતનું બીજુ સ્પેસપોર્ટ તમિલનાડુમાં બનાવવામાં આવશે

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમિલનાડુના થુથુકુડી જિલ્લાના કુલશેખરાપટ્ટિનમમાં સ્થિત ભારતના બીજા સ્પેસપોર્ટનો શિલાન્યાસ કર્યો હતો.

- રૂ.950 કરોડની મહત્ત્વાકાંક્ષી સુવિધા આંધ્રપ્રદેશમાં હાલના સ્પેસપોર્ટને પૂરક બનાવશે અને ભારતના અવકાશ કાર્યક્રમને આગળ વધારશે.
- તમિલનાડુના થુથુકુડી (પહેલા તુતીકોરીન) જિલ્લામાં 2,233 એકરમાં ફેલાયેલી નવી સાઈટને તેના ભૌગોલિક ફાયદાઓ માટે પસંદ કરવામાં આવી હતી.
- દરિયાકાંઠે તેનું સ્થાન અંતરિયાળ સ્થળોની તુલનામાં વધુ ઈંધણ બચત માટે મહત્ત્વપૂર્ણ છે. જે નજીકની વિષુવવૃત્તીય સ્થિત પર પ્રક્ષેપણ ઝડપ વધારવા માટે પૃથ્વીના પરિભ્રમણનો ઉપયોગ કરે છે.
- સ્પેસપોર્ટનું સ્થાન વિવિધ ભ્રમણકક્ષામાં ઉપગ્રહોને મૂકવા માટે સુગમતા ઉમેરે છે, જે શ્રી હરિકોટા સ્પેસપોર્ટથી શક્ય ચુસ્ત પ્રક્ષેપણ માર્ગને પૂરક બનાવે છે.
- આ બેવડી ક્ષમતા વૈશ્વિક નાના સેટેલાઈટ માર્કેટમાં ભારતના વર્તમાન પ્રક્ષેપણ માર્ગને પૂરક બનાવે છે.
- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ની આગેવાની હેઠળના આ પ્રોજેક્ટના સરળ અમલીકરણ માટે તમિલનાડુ સરકારે જમીન સંપાદન પૂર્ણ કર્યુ છે.
- 2026 સુધીમાં સ્પેસપોર્ટ કાર્યરત થવા માટેનું બાંધકામ બે વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) નવી સાઈટ પરથી મોટા ઉપગ્રહો લોન્ચ કરવા માટે ટેક્નિકલ સપોર્ટ અને પેલોડ ફેયરિંગ્સ સપ્લાય કરવા માટે ફ્રાન્સ અને યુએસ સહિતના આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે સહયોગ કરી રહ્યું છે.

(2) નવા સ્પેસપોર્ટનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની ઉપગ્રહ પ્રક્ષેપણ ક્ષમતામાં વધારો કરવાનો છે. હાલમાં ISRO 1960ના દાયકામાં સ્થપાયેલ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેના એક જ ઓપરેશનલ સ્પેસપોર્ટ પર આધાર રાખે છે.

## દેશમાં સૌથી વધારે દીપડા મધ્યપ્રદેશમાં નોંધાયા

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે 29 ફેબ્રુઆરી, 2024ના રોજ નવી દિલ્હી ખાતે ભારતમાં દીપડાઓની સ્થિતિ અંગેનો અહેવાલ બહાર પાડ્યો હતો.



- આ અહેવાલ 2022માં હાથ ધરવામાં આવેલ દીપડાના અંદાજોના પાંચમા ચક્રના આધારે દીપડા (Leopard) વિતરણ, વસતી વલણો અને સંરક્ષણ પડકારોમાં મહત્ત્વપૂર્ણ આંતરદષ્ટિ પ્રદાન કરે છે.

- ભારતમાં દીપડાની વસતી 13,874 (શ્રેણી : 12,616-15,132) હોવાનો અંદાજ છે.
- તે 12,852 દીપડાના 2018ના અંદાજની સરખામણીમાં સ્થિર વસતી સૂચવે છે.
- આ અહેવાલ અનુસાર મધ્યપ્રદેશમાં સૌથી વધુ 3,907 દીપડાની વસતી છે.
- ત્યારબાદ મહારાષ્ટ્ર 1,985 અને કર્ણાટકમાં 1,879 દીપડાની વસતી છે.
- સૌથી વધુ દીપડાની વસતી ધરાવતા અભયારણ્યો નાગાર્જુનસાગર શ્રીશૈલમ (આંધ્રપ્રદેશ), ત્યારબાદ પન્ના (મધ્યપ્રદેશ) અને સાતપુરા (મધ્યપ્રદેશ) છે.
- શિવાલિક–ગંગાના મેદાનોમાં 2018 અને 2022ની વચ્ચે વાર્ષિક 3.4%નો ઘટાડો જોવા મળ્યો છે.

## DRDO દ્વારા VSHORADS મિસાઈલનું સફળ ઉડાન પરીક્ષણ



તાજેતરમાં DRDOએ ખૂબ જ ટૂંકા અંતરની એર ડિફેન્સ સિસ્ટમ (VSHORADS) મિસાઈલના બે સફળ ઉડાન પરીક્ષણ કર્યા હતા.

- આ પરીક્ષણો ઓડિશાના દરિયાકિનારે જમીન આધારિત પોર્ટેબલ લોન્ચરથી ઈન્ટિગ્રેટેડ રેન્જ, ચાંદીપુર ખાતે વિવિધ અવરોધોના સંજોગોમાં હાઈ–સ્પીડ માનવરહિત હવાઈ લક્ષ્યોને નષ્ટ કરવાના ઉદ્દેશ્યથી હાથ ધરવામાં આવ્યા હતા.

### VSHORADS મિસાઈલ વિશે

VSHORADS (વેરી શોર્ટ–રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ) એ ચોથી પેઢીની મેન પોર્ટેબલ ડિફેન્સ સિસ્ટમ (MANPAD) છે, જે ખાસ કરીને ટૂંકા અંતર પર ઓછી ઊંચાઈવાળા હવાઈ જોખમોનો સામનો કરવા માટે રચાયેલ છે.

- તે DRDOના રિસર્ચ સેન્ટર ઈમારત (RCI), હૈદરાબાદ દ્વારા અન્ય DRDO પ્રયોગશાળાઓ અને ભારતીય ઉદ્યોગ ભાગીદારોના સહયોગથી સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.
- તે હેલિકોપ્ટર અને નીચા ઉડતા એરક્રાફ્ટ સહિત હવાઈ જોખમોથી જમીન દળો અને નિર્ણાયક અસ્ક્યામતોનું રક્ષણ કરવા માટે ટૂંકા અંતરની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓ પ્રદાન કરવા માટે રચાયેલ છે.
- આ મિસાઈલમાં ઘણી નવી તકનીકોનો સમાવેશ થાય છે, જેમાં ડ્યુઅલ–બેન્ડ IIR સીકર, લઘુચિત્ર પ્રતિક્રિયા નિયંત્રણ સિસ્ટમ અને સંકલિત એવિઓનિક્સનો સમાવેશ થાય છે.
- તે ડ્યુઅલ–થ્રસ્ટ સોલિડ મોટર દ્વારા સંચાલિત છે.
- મિસાઈલ અને તેના પ્રક્ષેપણને DRDO દ્વારા પોર્ટેબલ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું, જે મુશ્કેલ ભૂપ્રદેશ પર તેમની ઝડપી તૈનાતીને સક્ષમ કરે છે.

## DRDO

DRDOનું પૂરું નામ 'Defence Research and Development Organization' (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન) છે.

- DRDO એ ભારતમાં સંરક્ષણ અથવા સૈન્ય સંબંધિત સંશોધન અને વિકાસ માટેની ભારતની એક અગ્રણી સંસ્થા છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય અંતર્ગત આ સંસ્થા કાર્ય કરે છે.
- ભારતમાં વિવિધ ગન, બોમ્બ, ટેન્ક, મિસાઈલ તથા યુદ્ધ વિમાનો અને યુદ્ધ જહાજો સહિતના સંરક્ષણ સાધનોનો વિકાસ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- ભારતમાં 1958માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- DRDO ભવન તરીકે ઓળખાતુ તેનું વડુ મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- DRDOનું આદર્શ વાક્ય (Motto) 'બલસ્ય મૂલ વિજ્ઞાનમ' છે.
- DRDO અંતર્ગત દેશભરમાં 52 જેટલી પ્રયોગશાળાઓ કાર્યરત છે.
- આ પ્રયોગશાળાઓ એરોનોટિક્સ, ઈલેક્ટ્રોનિક્સ, આર્મમેન્સ, લાઈફ સાયન્સ, લેન્ડ વોરફેર ઈજનેરી, નૌકા પ્રણાલી, સામગ્રી અને મિસાઈલ જેવા ક્ષેત્રોને આવરી લેતી સંરક્ષણ તકનીકોના વિકાસમાં રોકાયેલી છે.

નોંધ : (1) DRDO અને તેની પ્રયોગશાળાના સ્ટાફમાં 5,000 જેટલા વૈજ્ઞાનિકો અને 25,000 જેટલા ટેક્નિકલ સ્ટાફનો સમાવેશ થાય છે.
(2) DRDOના વર્તમાન અધ્યક્ષ ડો. સમીર વી. કામત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફિનલેન્ડના નવા રાષ્ટ્રપતિ : શ્રી એલેક્ઝાન્ડર સ્ટબ



તાજેતરમાં શ્રી એલેક્ઝાન્ડર સ્ટબએ ફિનલેન્ડના રાષ્ટ્રપતિ તરીકેના શપથ લીધા છે.

- તેઓ ફિનલેન્ડના ભૂતપૂર્વ વિદેશ મંત્રી શ્રી પેક્કા હાવિસ્ટો સામે ફિનલેન્ડની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિજયી બન્યા છે.
- નેશનલ કોએલિશન પાર્ટીના શ્રી એલેક્ઝાન્ડર સ્ટબને 51.6% મત મળ્યા હતા, જ્યારે અપક્ષ ઉમેદવાર પેક્કા હાવિસ્ટોને 48.4% મત મળ્યા હતા.
- તેમણે અગાઉ 2014-2015 દરમિયાન ફિનલેન્ડના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.

નોંધ : (1) ફિનલેન્ડ ઉત્તરીય યુરોપમાં નોર્ડિક દેશ છે.
(2) ફિનલેન્ડની રાજધાની અને સૌથી મોટું શહેર હેલસિંકી છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ _____ ખાતે ભારતની પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ફેરીનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

(A) આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે (B) ગુજરાતના કચ્છ જિલ્લાના મુદ્રા ખાતે
(C) કેરળના કોચી હાર્બર ખાતે (D) તમિલનાડુના રામેશ્વરમ ખાતે (C)

2. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘તાવી ફેસ્ટિવલ’ કયા શહેર સાથે સંકળાયેલ છે ?

(A) જમ્મુ (B) ચંદીગઢ (C) જયપુર (D) મદુરાઈ (A)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કુલશેખરાપટ્ટિનમ ખાતે ISROના બીજા સ્પેસપોર્ટનો શિલાન્યાસ કર્યો હતો. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) કેરળ (D) ઓડિશા (A)

4. તાજેતરના અહેવાલ અનુસાર ભારતમાં સૌથી વધુ દીપડાની સંખ્યા કયા રાજ્યમાં છે ?

(A) કર્ણાટક (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) પશ્ચિમ બંગાળ (B)

5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'VSHORADS' શું છે ?

(A) ભારત દ્વારા વિકસીત સ્વદેશી સબમરીન

(B) રશિયા–યુક્રેન સરહદ પર સ્થિત એક પરમાણુ પ્લાન્ટ

(C) ભારતની વેરી–શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ મિસાઈલ

(D) ચીનની અંડરગ્રાઉન્ડ લેબ (C)

6. શ્રી એલેક્ઝાન્ડર સ્ટબ તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) પોલેન્ડ (B) ફિનલેન્ડ (C) ગ્રીસ (D) સર્બિયા (B)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફ્રાન્સે તેના બંધારણમાં ગર્ભપાતના અધિકારનો સમાવેશ કર્યો

4 માર્ચ, 2024ના રોજ ફ્રાન્સ તેના બંધારણમાં ગર્ભપાતના અધિકારનો સમાવેશ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.

- આ નિર્ણય સંસદના બંને ગૃહોના વિશેષ સંયુક્ત મત દ્વારા 780ની પ્રચંડ બહુમતી સાથે લેવામાં આવ્યો હતો.
- આ સુધારા મુજબ ગર્ભપાત એ ફ્રાન્સમાં 'બાંયધારીકૃત સ્વતંત્રતા' છે.
- બંધારણમાં ગર્ભપાતના અધિકારનો સમાવેશ કરવાના નિર્ણયને મહિલાઓના પ્રજનન અધિકારોનું રક્ષણ અને સમર્થન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવે છે.

## શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે ચૂંટાયા



તાજેતરમાં શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- એપ્રિલ 2022 થી ઓગસ્ટ 2023 સુધીની ભૂમિકા નિભાવ્યા પછી વડાપ્રધાન તરીકેનો શાહબાઝ શરીફનો આ બીજો કાર્યકાળ છે.
- નોંધનીય છે કે પાકિસ્તાનમાં 8 ફેબ્રુઆરીના રોજ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી, જેમાં કોઈપણ પક્ષને બહુમતી મળી ન હતી.
- ચૂંટણીમાં ગેરરીતી થયાના આક્ષેપો થયા હતા જેના કારણે પરિણામોની જાહેરાતમાં વિલંબ થયો હતો.
- તાજેતરની ચૂંટણી પછી PML-N અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)એ ગઠબંધન કર્યુ હતું.
- આ ગઠબંધન તરફથી શાહબાઝ શરીફનું નામ વડાપ્રધાન તરીકે નક્કી કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું પ્રથમ ડોલ્ફિન સંશોધન કેન્દ્ર




ગંગા નદીના ડોલ્ફિનને બચાવવામાં મદદ કરવા માટે બિહારના પટનામાં ભારતનું પ્રથમ 'નેશનલ ડોલ્ફિન રિસર્ચ સેન્ટર' (NDRC)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

- પટના યુનિવર્સિટીના પરિસરમાં નેશનલ ડોલ્ફિન રિસર્ચ સેન્ટર (NDRC)ની સ્થાપના કરવામાં આવી છે.
- આ કેન્દ્ર લગભગ 4400 ચોરસ મીટરમાં ફેલાયેલું છે.

- તેનું વ્યૂહાત્મક સ્થાન સંશોધકો માટે તેમના કુદરતી નિવાસ સ્થાનમાં ડોલ્ફિનનું પરીક્ષણ કરવા માટે ખૂબ જ મદદરૂપ છે.
- તે ગંગા ડોલ્ફિનના વર્તન, અસ્તિત્વ કૌશલ્ય અને મૃત્યુના કારણો સહિત વિવિધ પાસાઓ પર વ્યાપક સંશોધન માટેનું કેન્દ્ર બનવાનું લક્ષ્ય રાખે છે.

## સમુદ્ર લક્ષ્મણ કવાયત : ભારત-મલેશિયા




વિશાખાપટ્ટનમ ખાતે 28 ફેબ્રુઆરીથી 2 માર્ચ, 2024 દરમિયાન ભારત અને મલેશિયા વચ્ચે 'સમુદ્ર લક્ષ્મણ મેરીટાઈમ' કવાયત યોજવામાં આવી હતી.

- ભારતીય નૌકાદળનું જહાજ 'કિલ્ટન' અને રોયલ મલેશિયન જહાજ 'કેડી લકિર'એ આ કવાયત અથવા અભ્યાસમાં ભાગ લીધો હતો.
- સમુદ્ર લક્ષ્મણ દરિયાઈ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય અને રોયલ મલેશિયન નૌકાદળ વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે.
- આ કવાયતનો હેતુ સમુદ્ર સંબંધિત પરિપ્રેક્ષ્યો પર પરસ્પર સહયોગને વધારવાનો પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માજુલી માસ્ક, પાંડુલિપી અને નરસાપુર ક્રોશેટ લેસ શિલ્પને GI ટેગનો દરજ્જો મળ્યો

આંધ્રપ્રદેશના નરસાપુરના પરંપરાગત ક્રોશેટ લેસ ક્રાફ્ટને તેની આગવી ઓળખ જાળવી રાખવા માટે ભૌગોલિક સંકેત (GI ટેગ)નો દરજ્જો આપવામાં આવ્યો છે.

- એજ રીતે સાંસ્કૃતિક મહત્ત્વને પ્રોત્સાહન આપવા અને જાળવવા માટે આસામના માજુલી માસ્ક (મુખટો) અને હસ્તપ્રત ચિત્રોને (પાંડુલિપી ચિત્રો) GI ટેગ આપવામાં આવ્યો હતો.

### નરસાપુર ક્રોશેટ (ક્રોશિયા) લેસ ક્રાફ્ટ

ક્રોસેટ લેસ ક્રાફટનો ઉદ્ભવ વર્ષ 1844માં થયો હતો અને તેણે ભારતીય દુકાળ (1899) અને મહામંદી (1929) જેવા ઘણા અવરોધોનો સામનો કર્યો હતો.



- 1900ના દાયકાની શરૂઆતમાં ગોદાવરી પ્રદેશમાં 2000થી વધુ મહિલાઓ લેસ હસ્તકલા સાથે સંકળાયેલી હતી, જે તેના સાંસ્કૃતિક મહત્ત્વને દર્શાવે છે.
- આ હસ્તકલામાં વિવિધ કદના ક્રોશેટ સોયનો ઉપયોગ કરીને પાતળા સુતરાઉ દોરો દ્વારા જટિલ કલાકૃતિઓ બનાવવામાં આવે છે.

- આ હસ્તકલાના કારીગરો લૂપ્સ અને ઈન્ટરલોકિંગ ટાંકા બનાવવા માટે સિંગલ ક્રોશેટ હૂકનો ઉપયોગ કરે છે, જે ઉત્કૃષ્ટ લેસ પેટર્ન બનાવે છે.
- નરસાપુરનો હેન્ડ ક્રોશેટ ઉદ્યોગ કપડા, ઘરનો સામાન અને એસેસરીઝ જેમ કે ડોલી, ઓશિકાના કવર, કુશન કવર, બેડસ્પ્રેડ, ટેબલ–રનર્સ, ટેબલ ક્લોથ, હેન્ડ પર્સ, કેપ્સ, ટોપ, સ્ટોલ્સ સહિત લેસ ઉત્પાદનોની વિવિધ શ્રેણીનું ઉત્પાદન કરે છે.

## માજુલી માસ્ક (આસામ)

માજુલી માસ્ક એ હાથથી બનાવેલા માસ્ક છે.

- અને પરંપરાગત રીતે 15મી–16મી સદીના સુધારક સંત શ્રીમંત શંકરદેવ દ્વારા રજૂ કરાયેલ નિયો–વૈષ્ણવ પરંપરા હેઠળ ભક્તિ સંદેશા સાથે નાટકીય પ્રદર્શન કરવા માટે ઉપયોગમાં લેવાય છે.
- માસ્કમાં દેવતાઓ, દેવીઓ, રાક્ષસો, જીવો અને પક્ષીઓનું ચિત્રણ થઈ શકે છે.
- જેમાં રાવણ, ગરૂડ, નરસિંહ, હનુમાન, વરાહ વગેરેનો સમાવેશ થાય છે.
- વાંસ, માટી, ગાયના છાણ, કપડા, કપાસ અને લાકડા સહિતની વિવિધ સામગ્રીમાંથી બનેલા માસ્ક ચહેરાને ઢાંકવાથી માંડીને કલાકારના આખા માથા અને શરીરને ઢાંકવા સુધીના કદના હોય છે.
- પરંપરાગત કારીગરો સમકાલીન સંદર્ભોને અનુરૂપ બનાવવા માટે સાત્રા (મઠ)ની સીમાઓથી આગળ વધીને માજુલી માસ્ક અથવા મુખુટા બનાવવાનું આધુનિકીકરણ કરી રહ્યા છે.
- ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક સુધારણા માટેના કેન્દ્ર તરીકે શ્રીમંત શંકરદેવ અને તેના શિષ્યો દ્વારા સાત્રાની સ્થાપના કરવામાં આવી હતી.



- માજૂલી તેમના 22 સત્રોની સાથે આ સાંસ્કૃતિક પ્રથાઓનું કેન્દ્ર છે.
- માસ્ક બનાવવાની પરંપરા મુખ્યત્વે ચાર સત્રોમાં જોવા મળે છે-સામગુરી સત્ર, નટુન સમગુરી સત્ર, બિહિમપુર સત્ર અને એલેંગી નરસિંહ સત્ર.

## માજુલી પાંડુલિપી ચિત્રો (આસામ)



માજુલી હસ્તપ્રત ચિત્રો (અથવા પાંડુલિપી ચિત્રો) બૌધ કલાની શૈલીનો ઉલ્લેખ કરે છે જે 16મી સદીમાં ઉદ્ભવ્યું હતું.

- સાંચી પટ અથવા સાંચી અથવા અગર વૃક્ષની છાલમાંથી બનેલી હસ્તપ્રતો પર, ઘરે બનાવેલી શાહીનો ઉપયોગ કરીને પેન્ટિંગ કરવામાં આવે છે.

- આ કલાના પ્રારંભિક ઉદાહરણો પૈકીનું એક શ્રીમંત શંકરદેવને આભારી છે, જેમણે આસામીમાં ભાગવત પુરાણના આદિ દશમનું ચિત્રણ કર્યુ હતું.
- આ કલાને અહોમ રાજાઓએ પણ સમર્થન આપ્યું હતું.

## INS જટાયુ

6 માર્ચ, 2024ના રોજ ભારતીય નૌકાદળે લક્ષદ્વીપમાં સુરક્ષાને મજબૂત કરીને મિનિકોય ટાપુ પર INS જટાયુને કાર્યરત કર્યુ છે.

- કાવરત્તીમાં INS દ્વિપક્ષક પછી લક્ષદ્વીપમાં તે બીજું નેવલ બેઝ છે.
- આ બેઝ પશ્ચિમ અરબી સમુદ્રમાં ચાંચિયાગીરી અને નશીલા પદાર્થો વિરોધી પ્રયાસોમાં મદદ કરશે.
- INS જટાયુના કમિશનિંગ સાથે ભારતીય નૌકાદળ લક્ષદ્વીપ ટાપુઓમાં તેના સ્થાનને મજબૂત બનાવશે અને ઓપરેશનલ દેખરેખ અને પહોંચને વધારશે.
- વ્યૂહાત્મક રીતે મહત્ત્વના લક્ષદ્વીપ ટાપુઓ પર સુરક્ષા માળખામાં સતત વધારો કરવાના નૌકાદળના સંકલ્પમાં આ ઘટના મહત્ત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે.

**નોંધ :** (1) મિનિકોય ટાપુ લક્ષદ્વીપનો સૌથી દક્ષિણનો ટાપુ છે, જે મહત્ત્વપૂર્ણ સી લાઈન્સ ઓફ કોમ્યુનિકેશન્સ (SLOC)ને પથરાયેલું છે.

(2) નેવલ ડિટેચમેન્ટ મિનિકોયની સ્થાપના 1980ના દાયકાની શરૂઆતમાં નેવલ ઓફિસર–ઈન–ચાર્જ (લક્ષદ્વીપ)ના ઓપરેશનલ કમાન્ડ હેઠળ કરવામાં આવી હતી.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કયો દેશ તેના બંધારણમાં ગર્ભપાતના અધિકારનો સમાવેશ કરનાર પ્રથમ દેશ બન્યો છે ?

(A) જર્મની (B) ફ્રાન્સ (C) પોલેન્ડ (D) મલેશિયા **(B)**

2. તાજેતરમાં પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?

(A) શાહબાઝ શરીફ (B) ઈમરાન ખાન

(C) મરિયામ નવાઝ શરીફ (D) મુરાદ અલી શાહ **(A)**

3. તાજેતરમાં ગંગા નદીની ડોલ્ફિનને બચાવવામાં મદદ કરવા માટે _____ માં ભારતનું પ્રથમ 'નેશનલ ડોલ્ફિન રિસર્ચ સેન્ટર' (NDRC)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

(A) કોલકાતા, પશ્ચિમ બંગાળ (B) પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ

(C) પટના, બિહાર (D) વારાણસી, ઉત્તરપ્રદેશ **(C)**

4. તાજેતરમાં કયા બે દેશ વચ્ચે 'સમુદ્ર લક્ષ્મણ કવાયત' યોજાઈ હતી ?

(A) ભારત અને સિંગાપોર (B) ભારત અને મલેશિયા

(C) ભારત અને ઓસ્ટ્રેલિયા (D) ભારત અને થાઈલેન્ડ **(B)**

5. તાજેતરમાં નરસાપુરના પરંપરાગત ક્રોશેટ લેસ ક્રાફ્ટને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

(A) આંધ્રપ્રદેશ (B) ઝારખંડ (C) ઓડિશા (D) ઉત્તરપ્રદેશ **(A)**

6. તાજેતરમાં કયા રાજ્યના માજુલી માસ્ક અને માજુલી હસ્તપ્રત ચિત્રોને GI ટેગ આપવામાં આવ્યો છે ?

(A) કેરળ (B) રાજસ્થાન (C) મધ્યપ્રદેશ (D) આસામ **(D)**

7. તાજેતરમાં ભારતીય નૌકાદળનું નવું બેઝ INS જટાયુ કયાં કાર્યરત થયું છે ?

(A) આંદમાન ટાપુ (B) મિનિકોય ટાપુ (C) નિકોબાર ટાપુ (D) કાવરાત્તી ટાપુ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 07 માર્ચ, જન ઔષધિ દિવસ




ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 7 માર્ચના રોજ સમગ્ર દેશમાં 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી જેનરિક દવાઓના ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ વખત 7 માર્ચ, 2019ના રોજ પ્રથમ 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ફાર્માસ્યુટિકલ વિભાગના નેજા હેઠળ 'ફાર્માસ્યુટિકલ એન્ડ મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા' (PMBI) દ્વારા છઠ્ઠા જન ઔષધિ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BSFના પ્રથમ મહિલા સ્નાઈપર : સુશ્રી સુમન કુમારી

તાજેતરમાં સબ–ઈન્સ્પેક્ટર સુમન કુમારી બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના પ્રથમ મહિલા સ્નાઈપર બન્યા છે.

- તેમણે તાજેતરમાં ઈન્દોરની સેન્ટ્રલ સ્કૂલ ઓફ વેપન્સ એન્ડ ટેક્ટિસ (CSWT) ખાતે આઠ સપ્તાહનો સ્નાઈપર કોર્સ પૂર્ણ કર્યો છે અને 'પ્રશિક્ષક ગ્રેડ' પ્રાપ્ત કર્યો છે.
- તેમની સ્નાઈપર બનવાની સફર ત્યારે શરૂ થઈ જ્યારે તે પંજાબમાં પ્લાટૂનને કમાન્ડ કરી રહી હતી અને તેમણે ક્રોસ બોર્ડર સ્નાઈપર હુમલાનો ખતરો જોયો હતો.
- તેમણે 56 પુરુષો વચ્ચે એક માત્ર મહિલા તરીકે તાલીમ લીધી હતી.




## ઇ-કિસાન ઉપજ નિધિ (e-Kishan Upaj Nidhi)

તાજેતરમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, વાણિજ્ય અને ઉદ્યોગ કાપડ મંત્રીએ નવી દિલ્હીમાં 'ઈ–કિસાન ઉપજ નિધિ' ડિજિટલ ગેટવે લોન્ચ કર્યું છે.



- જેનો ઉદ્દેશ ખેડૂતો માટે વેરહાઉસિંગ લોજિસ્ટિક્સ સરળ બનાવવા અને તેમના ઉત્પાદનોના વાજબી ભાવો સુનિશ્ચિત કરવાનો છે.
- 'ઈ–કિસાન ઉપજ નિધિ' પ્લેટફોર્મ ડિજિટલ પ્રક્રિયાને સરળ બનાવે છે, જે ખેડૂતોને વાર્ષિક 7% વ્યાજદર પર કોઈપણ નોંધાયેલા 'વેરહાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી' (WDRA) વેરહાઉસમાં છ મહિના સુધી તેમની પેદાશોનો સંગ્રહ કરવાની સુવિધા આપે છે.
- આ ડિજિટલ હસ્તક્ષેપ ખેડૂતોને લણણી પછીના સ્ટોરેજ વિકલ્પો સાથે વ્યાવહારિક પ્રદાન કરીને મુશ્કેલીના વેચાણને ઘટાડવા માટે તૈયાર છે.
- શ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે 'ઈ–કિસાન ઉપજ નિધિ' અને 'ઈ–નામ' સાથે ખેડૂતો એકબીજા સાથે જોડાયેલા બજારની ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકશે, જેનાથી તેમને તેમની પેદાશ લઘુત્તમ ટેકાના ભાવ (MSP) પર સરકારને વેચવા ઉપર અને તેનાથી વધુ ફાયદો થશે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) WDRAની સ્થાપના ઓક્ટોબર 2010માં વેરહાઉસિંગ (વિકાસ અને નિયમન) અધિનિયમ, 2007 હેઠળ કરવામાં આવી હતી.

(2) WDRAનો ઉદ્દેશ વેરહાઉસ વિકસાવવા અને તેનું નિયમન કરવા, વેરહાઉસ રસીદોની વાટાઘાટોને પ્રોત્સાહન આપવા અને ભારતમાં વેરહાઉસિંગ વ્યવસાયની સુવ્યવસ્થિત વૃદ્ધિને સરળ બનાવવાના હેતુથી કરવામાં આવી હતી.

(3) WDRA એ ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ હેઠળ વૈધાનિક સત્તા તરીકે કાર્ય કરે છે.

(4) તેનું વડુ મથક નવી દિલ્હીમાં આવેલું છે.

## કોલકાતામાં ભારતની પ્રથમ અંડરવોટર મેટ્રો ટ્રેન સેવા શરૂ કરવામાં આવી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોલકાતામાં ભારતની પ્રથમ અંડરવોટર મેટ્રો ટ્રેન ટનલ સેવાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- જે દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરી વિકાસમાં સીમાચિન્હરૂપ છે.
- અંડરવોટર મેટ્રો ટનલ કોલકાતા મેટ્રોના પૂર્વ–પશ્ચિમ કોરિડોરના હાવડા મેદાન–એસ્પ્લેનેડ વિભાગનો એક ભાગ છે, જે હુગલી નદીની નીચે 4.8 કિ.મી.નું અંતર આવરી લેશે.
- તે માત્ર 45 સેકન્ડમાં હુગલી નદીની નીચે 520 મીટરના પટમાંથી પસાર થવાની અપેક્ષા છે.



- છમાંથી ત્રણ સ્ટેશન અંડરગ્રાઉન્ડ હશે.
- ટનલનો નીચેનો વિભાગ નદીની સપાટીથી 26 મીટર નીચે સ્થિત છે, જેમાં ટ્રેનો નદીના પટની નીચે 16 મીટર સુધી ચલાવવા માટે સેટ છે.
- રેલવે મંત્રાલયે જાહેર કર્યુ કે પૂર્વ–પશ્ચિમ મેટ્રો રૂટનો 10.8 કિલોમીટર ભૂગર્ભ હશે, જે 5.75 કિલોમીટરના એલિવેટેડ વિભાગોથી પૂરક હશે.

**નોંધ :** હુગલી નદી પશ્ચિમ બંગાળની મહત્ત્વની નદીઓમાંની એક છે, તે લગભગ 260 કિ.મી. લાંબી છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારત સરકાર દ્વારા 'જન ઔષધી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 માર્ચ (B) 6 માર્ચ (C) 7 માર્ચ (D) 8 માર્ચ **(C)**

2. તાજેતરમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના પ્રથમ મહિલા સ્નાઈપર કોણ બન્યું છે ?

(A) સુશ્રી સુમન કુમારી (B) સુશ્રી અવની દ્વીવેદી

(C) સુશ્રી પ્રીતિ કુમારી (D) સુશ્રી મિનાક્ષી ચતુર્વેદિ **(A)**

3. 'ઈ–કિસાન ઉપજ નિધિ' વિશે નીચેની બાબતો પર વિચાર કરો :

1. તે વેરહાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી (WDRA)નું ડિજિટલ ગેટવે છે.

2. આ પહેલ ટેક્નોલોજીની મદદથી ખેડૂતોના વેરહાઉસિંગ લોજિસ્ટિક્સને સરળ બનાવશે અને ખેડૂતોને તેમના ઉત્પાદનના વાજબી ભાવો મેળવવામાં મદદ કરશે.

ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

4. તાજેતરમાં ભારતની પ્રથમ અંડર વોટર મેટ્રો ટ્રેન ટનલનું ઉદ્ઘાટન કયા શહેરમાં કરવામાં આવ્યું છે ?

(A) ચેન્નાઈ (B) લખનૌ (C) નોઈડા (D) કોલકાતા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 08 માર્ચ, (1) આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day)
## (2) મહાવદ તેરસ, મહાશિવરાત્રી

### આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- મહિલા અધિકારોના આંદોલનની યાદ અપાવવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય ઉદ્દેશ વિશ્વની અડધી જન સંખ્યા એટલે કે નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માટે સૌપ્રથમ સૂચન 1910માં ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વુમન કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.
- રશિયામાં 1917માં મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ રશિયામાં 8 માર્ચ રાષ્ટ્રીય રજા બની હતી.
- સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) દ્વારા 1975માં 8 માર્ચનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- એ અગાઉ વિવિધ સમાજવાદી આંદોલનો અને સમાજવાદી દેશો દ્વારા 8 માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી થતી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્ષ 2024ની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2024ની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ 'Invest in Women : Accelerate Progress' છે.

### ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો

ગુજરાતના જૂનાગઢ ખાતે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દર વર્ષે ભવનાથનો મેળો યોજાય છે.

- આ મેળાને વર્ષ 2018માં કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2019થી 'મિનીકુંભ'નો દરજ્જો આપવામાં આવ્યો છે.



- આ મેળામાં શિવરાત્રીના દિવસે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી સૌના આકર્ષણનું કેન્દ્ર રહે છે.
- આ રવેડી ગિરનાર તળેટીના જૂના અખાડાથી નીકળીને ભવનાથ મંદિર પહોંચે છે.
- આ રવેડી ભવનાથ મંદિર પહોંચ્યા બાદ સાધુ–સંતો ભવનાથ મંદિરના પૌરાણિક મૃગિકુંડમાં સ્નાન કરે છે.

નોંધ : ભારતમાં મહાવદ-13 (તેરસ)ની રાત્રી 'મહાશિવરાત્રી' તરીકે ઉજવાય છે.

## સ્વીડન નાટો (NATO)માં જોડાયું

યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ અરજી કર્યાના બે વર્ષ બાદ સ્વીડન સત્તાવાર રીતે નાટો (NATO)નું 32મું સભ્ય બન્યું છે.

- તુર્કી અને હંગેરીના વિરોધ કારણે સ્વીડનના નાટો સભ્યપદમાં વિલંબ થયો હતો.
- હંગેરીની સંસદે NATOમાં જોડાવાની બિડને મંજૂર કરવા માટે મતદાન કર્યુ હતું.

### સ્વીડન

સ્વીડન એ ઉત્તર યુરોપમાં સ્થિત એક દેશ છે.

- જે પશ્ચિમમાં નોર્વે અને પૂર્વમાં ફિનલેન્ડ સાથે સરહદ ધરાવે છે.
- સ્વીડન એ સૌથી મોટો નોર્ડિક દેશ અને યુરોપનો પાંચમો સૌથી મોટો દેશ છે.
- સ્વીડનની રાજધાની અને સૌથી મોટું શહેર સ્ટોકહોમ છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NATO



NATOનું પૂરું નામ **'North Atlantic Treaty Organization'** છે.

- નાટો એક અર્ધ સરકારી સૈન્ય ગઠબંધન છે.
- તેની સ્થાપના 4 એપ્રિલ, 1949ના રોજ થઈ હતી.
- અમેરિકા, કેનેડા તથા પશ્ચિમ યુરોપના 10 દેશો સહિત કુલ 12 દેશો દ્વારા વોશિંગ્ટન સંધિ (અથવા તો ઉત્તર એટલાન્ટિક સંધિ) પર હસ્તાક્ષર કરીને તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું હેડક્વાર્ટર બેલ્જિયમના બ્રુસેલ્સ ખાતે આવેલું છે.
- નાટોની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ઉત્તર અમેરિકા અને યુરોપના દેશોને તેમની સામૂહિક સુરક્ષા માટે એકજૂથ કરવાનો છે.
- આ માટે રાજકીય, આર્થિક, વૈજ્ઞાનિક તથા સૈન્ય ક્ષેત્રે એકબીજાના દેશોને સહયોગ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- નાટો દેશો દ્વારા 'સંગઠિત રક્ષણ'નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. આ સિદ્ધાંત અનુસાર જો નાટોના સભ્ય દેશોમાંથી કોઈ એક દેશ અથવા તો એકથી વધુ દેશો વિરુદ્ધ સશસ્ત્ર હુમલો કરવામાં આવે......તો તે હુમલો નાટોના તમામ દેશો વિરુદ્ધ ગણાશે.
- નાટોમાં વર્તમાન 32 દેશો છે જે આ મુજબ છે :

| | | |
|---|---|---|
| (1) અમેરિકા | (12) નેધરલેન્ડ | (23) એસ્ટોનિયા |
| (2) યુનાઈટેડ કિંગડમ | (13) મોન્ટેનેગ્રો | (24) ડેનમાર્ક |
| (3) તુર્કી | (14) લક્ઝમબર્ગ | (25) ચેક રિપબ્લિક |
| (4) સ્પેન | (15) લિથુઆનિયા | (26) ક્રોએશિયા |
| (5) સ્લોવેનિયા | (16) લાતવિયા | (27) કેનેડા |
| (6) સ્લોવેકિયા | (17) ઈટાલી | (28) બલ્ગેરિયા |
| (7) રોમાનિયા | (18) આઈસલેન્ડ | (29) બેલ્જિયમ |
| (8) પોર્ટુગલ | (19) હંગેરી | (30) અલ્બેનિયા |
| (9) પોલેન્ડ | (20) ગ્રીસ | (31) ફિનલેન્ડ |
| (10) નોર્વે | (21) જર્મની | (32) સ્વીડન |
| (11) ઉત્તર મેસેડોનિયા | (22) ફ્રાન્સ | |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) નાટોનું ઔપચારિક નામ **'Organisation du Traite de I'Atlantique Nord'** છે. તેને ટૂંકમાં OTAN તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) નાટોમાં સૌથી છેલ્લે શામેલ થનાર દેશનું નામ સ્વીડન છે તથા આ અગાઉ 2023માં ફિનલેન્ડ 31મું સભ્ય બન્યું હતું.

(3) નોંધનીય છે કે વર્ષ 2023 પહેલા જ ફિનલેન્ડ અને સ્વીડને NATOનો ભાગ બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## NATOનું સભ્યપદ મેળવવાના માપદંડ

- દેશમાં સ્થિર લોકશાહી સરકાર, કાર્યકારી બજાર અર્થતંત્ર અને માનવ અધિકારો અને કાયદાના શાસનનો આદર કરવાનો સાબિત રેકોર્ડ હોવો જોઈએ.
- દેશ પાસે સક્ષમ અને સારી રીતે પ્રશિક્ષિત સૈન્ય હોવું જોઈએ જે જોડાણના સામૂહિક સંરક્ષણમાં યોગદાન આપી શકે. તેમાં સંરક્ષણ ક્ષેત્રે રોકાણ અને આધુનિક સાધનોની જાળવણી માટેની પ્રતિબદ્ધતા સામેલ છે.
- દેશ જરૂરિયાતના સમયે અન્ય દેશોને ટેકો આપવા સહિત જોડાણના સામૂહિક સંરક્ષણમાં યોગદાન આપવા માટે તૈયાર અને સક્ષમ હોવું જોઈએ.
- દેશ લોકશાહી, વ્યક્તિગત સ્વતંત્રતા અને કાયદાના શાસન પ્રત્યે પ્રતિબદ્ધતા સહિત જોડાણના મૂલ્યોને શેર કરવા જોઈએ.
- સત્તાવાર જરૂરિયાત ન હોવા છતા, નાટો એવા દેશોને પ્રાધન્ય આપવાનું વલણ ધરાવે છે. જે હાલના સભ્યોની નજીકની ભૌગોલિક નિકટતા ધરાવે છે. કારણ કે આ કટોકટીના સમયે દળોનું સંકલન અને તૈનાત કરવાનું સરળ બનાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## NATOમાં જોડાવાના ફાયદા શું છે ?

### લશ્કરી લાભ

**(1) સામુહિક સુરક્ષા :**

- સંધિની કલમ 5 જણાવે છે કે જો એક સાથી સભ્ય પર હુમલો થાય છે, તો તે દરેક પર હુમલો માનવામાં આવે છે.
- આ વ્યૂહાત્મક રીતે વિકસિત દેશોના લાંબાગાળાના સામૂહિક સંરક્ષણ પ્રદાન કરે છે.
- જ્યારે 9/11નો આંતકવાદી હુમલો થયો હતો ત્યારે અન્ય તમામ સભ્યોએ અફઘાનિસ્તાનમાં આતંકવાદ વિરોધી પ્રતિક્રિયામાં ફાળો આપ્યો હતો.

**(2) સાયબર સંરક્ષણ ક્ષમતાઓ :**

- તે માહિતીની વહેંચણી, શિક્ષણ રોકાણો અને ચાલુ તાલીમ દ્વારા તેમના સંરક્ષણને વધારવામાં સાથીઓને મદદ કરે છે.
- સાયબર સંરક્ષણ નિષ્ણાતો એવી સંસ્થાઓ સાથે કામ કરે છે જે નેટવર્કમાંના કોઈપણ દેશને હુમલાથી બચવામાં મદદ કરવા માટે એક ક્ષણની સૂચના પર એકત્ર થઈ શકે છે.

**(3) આતંકવાદ વિરોધી ક્ષમતાઓ વિકસાવવી :**

- આતંકવાદને રોકવા માટે ઈટલીના નેપલ્સમાં સહયોગીઓ માટે હબની સ્થાપના કરવામાં આવી છે.

**(4) ખર્ચ-અસરકારક સંરક્ષણ :**

- દરેક દેશે તેમના GDPના 2% સંરક્ષણ પાછળ ખર્ચવા જોઈએ. (વેલ્સ સમિટ, 2014)
- દરેક સભ્યના હિતોની સુરક્ષા કરવામાં આવે છે અને અસરકારક સૈન્ય જાળવવાનો ખર્ચ દેશો વચ્ચે વહેંચવામાં આવે છે.

## આર્થિક લાભ

- સભ્યો વચ્ચે મુક્ત વ્યાપાર કરારો દ્વારા સભ્ય રાષ્ટ્રના માલસામાનને બાકીના વિશ્વની તુલનામાં સ્પર્ધાત્મક લાભ મળે છે.

## રાજકીય લાભ

- તે રાષ્ટ્રોના આંતરિક રાજકરણમાં દખલ કરતું નથી.
- તે તેના ઘટક સભ્યોની સાર્વભૌમત્વને મંદ કરતું નથી.
- નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવતા હોવાથી દરેક રાષ્ટ્રના અવાજને અન્ય લોકો સાથે સમાન ગણવામાં આવે છે.






## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 માર્ચ (B) 7 માર્ચ (C) 8 માર્ચ (D) 9 માર્ચ **(C)**

2. વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની થીમ શું છે ?

(A) Invest in Women : Accelerate Progress

(B) I am Generation Equality : Realizing Women's Right

(C) Gender Equality today for Sustainable tomorrow

(D) Digitall : Innovation and technology for gender Equality **(A)**

3. ભારતમાં દર વર્ષે કઈ રાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવાય છે ?

(A) મહાવદ તેરસ (B) મહાસુદ તેરસ

(C) મહાવદ ચૌદસ (D) મહાસુદ ચૌદસ **(A)**

4. ગુજરાતમાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી ભવનાથ મંદિરના કયા પૌરાણિક કુંડમાં સ્નાન કરે છે ?

(A) ભૃગીકુંડ (B) મુનીકુંડ

(C) મૃગીકુંડ (D) યોગીકુંડ **(C)**

5. તાજેતરમાં NATOનું 32મું સભ્ય કોણ બન્યું છે ?

(A) રશિયા (B) સ્વીડન

(C) યુક્રેન (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

6. NATOનું પૂરું નામ શું છે ?

(A) નોર્થ અમેરિકા ટ્રીટી ઓર્ગેનાઈઝેશન

(B) નોર્થ એન્ટાર્કટિકા ટ્રીટી ઓર્ગેનાઈઝેશન

(C) નોર્થ અમેરિકા એન્ડ યુરોપ ટ્રીટી ઓર્ગેનાઈઝેશન

(D) નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન **(D)**

7. NATOને ટૂંકમાં બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) TONA (B) TOAN (C) ONAT (D) OTAN **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનો પ્રથમ AI શિક્ષક રોબર્ટ : IRIS

કેરળના તિરુવનંતપુરમની એક શાળાએ ભારતના પ્રથમ જનરેટિવ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શિક્ષક રોબર્ટ 'IRIS'ની રજૂઆત સાથે શિક્ષણમાં અભૂતપૂર્વ નવીનતાનું અનાવરણ કર્યુ છે.



- Makerlabs EduTechના સહયોગથી વિકસિત IRISનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત શિક્ષણ અનુભવો દ્વારા પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓમાં પરિવર્તન લાવવાનો છે.
- વોઈસ સહાયક અને IRISથી સજ્જ તે વિદ્યાર્થીઓને ઈન્ટરેક્ટિવ લર્નિંગ પ્રવૃત્તિમાં જોડે છે.
- આ રોબર્ટ પ્રશ્નોના જવાબ આપે છે, સ્પષ્ટતા આપે છે, તેમજ વ્યક્તિગત સંચાર દ્વારા શૈક્ષણિક સામગ્રી પ્રદાન કરે છે.

## વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2027ના યજમાનની જાહેરાત

તાજેતરમાં વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલે 2027ની 'વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ'ની યજમાની કરવા માટે ચીનના બેઈજિંગની પસંદગી કરી છે.

- આ નિર્ણય 1 થી 3 માર્ચ દરમિયાન યોજનારી વર્લ્ડ એથ્લેટિક્સ ઈન્ડોર ચેમ્પિયનશિપ પહેલા ગ્લાસગોમાં યોજાયેલી 234મી વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલની મીટિંગમાં લેવામાં આવ્યો હતો.
- બેઈજિંગ દ્વારા બીજી વખત વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવશે, અગાઉ વર્ષ 2015માં બેઈજિંગે આ ઈવેન્ટનું આયોજન કર્યુ હતું.
- નોંધનીય છે કે આગામી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2025માં જાપાનના ટોક્યો ખાતે યોજાશે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બેંગ્લુરુમાં ભારતની પ્રથમ ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેન મળશે



બેંગ્લુરુ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (BMRCL)ને તેની આગામી ડ્રાઈવર વિનાની મેટ્રો લાઈન માટે છ ટ્રેન કોચનો પ્રથમ સેટ મળ્યો છે, જેને યલો લાઈન કહેવામાં આવે છે.

- આ 18.8 કિ.મી. લાંબી લાઈન, જે આરવી રોડ અને બોમ્માસન્દ્રાને જોડે છે, તે ભારતમાં પ્રથમ હશે જે ડ્રાઈવર વિનાની ટ્રેન સિસ્ટમ ધરાવતી હશે.
- નવી મેટ્રો લાઈન કોમ્યુનિકેશન આધારિત ટ્રેન કંટ્રોલ (CBTC) સિસ્ટમનો ઉપયોગ કરશે.
- જે એક આધુનિક રેડિયો કમ્યુનિકેશન સિસ્ટમ છે, તે સમયસર અને સચોટ ટ્રેન નિયંત્રણ માહિતી પ્રદાન કરે છે.
- CBTC સિસ્ટમ અનટેન્ડેડ ટ્રેન ઓપરેશન (UTO)ને સક્ષમ કરે છે, જે દરવાજા ખોલવા અને બંધ કરવા, સ્ટોપેજ અને ટ્રેનની હિલચાલ જેવા કાર્યોને સંપૂર્ણ સ્વચાલિત કરવાની મંજૂરી આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BPCL 'સ્પીડ' પેટ્રોલ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શ્રી નીરજ ચોપરાની નિમણૂક

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)એ સ્ટાર જેવલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરાને તેમના પ્રમિયમ પેટ્રોલ 'સ્પીડ' માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કર્યા છે.

- આ ભાગીદારીનો હેતુ BPCLના ઉત્પાદનોમાં બ્રાન્ડની દશ્યતા અને ઉપભોક્તાનો વિશ્વાસ વધારવાનો છે.




- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) એ ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયની માલિકી હેઠળનું ભારતીય જાહેર ક્ષેત્રનું ઉપક્રમ (PSU) છે.
- તે બીના, કોચી અને મુંબઈમાં ત્રણ રિફાઈનરીઓ ચલાવે છે.
- BPCL એ ભારતની બીજી સૌથી મોટી સરકારી માલિકીની ડાઉનસ્ટ્રીમ તેલ ઉત્પાદક કંપની છે, જેની કામગીરી પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા દેખરેખ રાખવામાં આવે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ભારતના કયા રાજ્યની એક શાળામાં ભારતનો પ્રથમ AI શિક્ષક રોબર્ટ 'IRIS' રજૂ કરવામાં આવ્યો હતો ?

(A) કેરળ (B) ગુજરાત (C) મધ્યપ્રદેશ (D) તમિલનાડુ **(A)**

2. તાજેતરમાં વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલ દ્વારા '2027 વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ'ના યજમાન તરીકે કયા શહેરની નિમણૂક કરવામાં આવી છે ?

(A) નવી દિલ્હી (B) ન્યૂયોર્ક (C) બેઈજિંગ (D) લંડન **(C)**

3. નીચેના પૈકી કયા શહેરને ભારતની પ્રથમ ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેન મળશે ?

(A) મુંબઈ (B) બેંગ્લુરુ (C) ચંદીગઢ (D) અમદાવાદ **(B)**

4. તાજેતરમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)એ તેમની પ્રમિયમ પેટ્રોલ 'સ્પીડ' માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની સાથે જોડાણ કર્યુ છે ?

(A) સુશ્રી પી.વી.સિંધુ (B) સુશ્રી પી.ટી.ઉષા

(C) શ્રી એમ.એસ.ધોની (D) શ્રી નીરજ ચોપરા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **નર્મદા બાયો-કેમ લિમિટેડની વાર્ષિક ડીલર્સ કોન્ફરન્સ**




અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં નર્મદા બાયો–કેમ લિમિટેડ કંપનીની વાર્ષિક ડીલર્સ કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રસંગે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કોન્ફરન્સમાં સહભાગી થયા હતા. તેમણે પીએમ પ્રણામ યોજના વિશે વાત કરતા જણાવ્યું હતું કે આ યોજના દ્વારા કેમિકલ ખાતરનો ઉપયોગ ઘટશે જેથી આગામી દિવસોમાં કૃષિ કેમિકલ મુક્ત બનશે જેનો ફાયદો ખેડૂતોને થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **World Poverty Clock**

નવીનત્તમ World Poverty Clockના ડેટા અનુસાર ભારતે 'અત્યંત ગરીબી'માં જીવતા લોકોના પ્રમાણને 3%થી નીચે લાવવાના સફળ પ્રયાસો કર્યા છે. આ સિદ્ધિ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત 2030ના લક્ષ્યાંક સાથેના 17 ટકાઉ વિકાસ લક્ષ્યોમાંથી પ્રથમ હાંસલ કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. વર્લ્ડ પ્રોવર્ટી ક્લોક 2030ના લક્ષ્યાંક સાથે વિશ્વના લગભગ તમામ દેશો માટે રીઅલ–ટાઈમમાં ગરીબીના અંદાજને ટ્રેક કરે છે અને તે અત્યંત ગરીબીને નાબૂદ કરવાની દિશામાં પ્રગતિ પર નજર રાખે છે. દરરોજ 2.15 બિલિયન અમેરિકન ડોલર પર નિર્ધારિત ગરીબી થ્રેશોલ્ડ સાથે ગરીબી દરની ગણતરી કરતી વખતે તે આવકના સ્તરને ધ્યાનમાં લે છે. 2.15 અમેરિકન ડોલર પ્રતિ દિવસ ગરીબી રેખા કેટલાક ગરીબ દેશોમાં રાષ્ટ્રીય ગરીબી રેખાનું પ્રતિનિધિત્વ કરે છે, જેને સામાન્ય રીતે અત્યંત ગરીબી રેખા તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં અત્યંત ગરીબીનો સામનો કરી રહેલી વસતી વર્ષ 2022માં 4.69 કરોડથી ઘટીને 2024માં લગભગ 3.44 કરોડ થવાની ધારણા છે, જે કુલ વસતીના 2.4% છે.

➤ **ઈલેક્ટ્રોનિક ડેટા ઈન્ટરચેન્જ (EDI) નોર્થ-ઈસ્ટ માટે લોન્ચ કરવામાં આવ્યું**

કેન્દ્રીય નાણામંત્રીએ પ્રાદેશિક વેપાર વધારવા તેમજ માલસામાન અને કસ્ટમ્સ ક્લિયરન્સને વધુ કાર્યક્ષમ બનાવીને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ઉત્તર–પૂર્વ ક્ષેત્ર (NER)ના લેન્ડ કસ્ટમ સ્ટેશન્સ (LCS) ખાતે ઈલેક્ટ્રોનિક ડેટા ઈન્ટરચેન્જ (EDI) શરૂ કર્યુ છે. EDIના અમલીકરણથી વેપાર સમુદાયના સભ્યો અને સીમા પાર વેપારમાં અટકાયતનો સમય અને ખર્ચ ઘટાડીને કસ્ટમ ક્લિયરન્સમાં હિસ્સેદારોને સશક્ત બનાવશે. આ LCS પરની નિકાસ બાસ્કેટમાં મુખ્યત્વે ખનિજો અને કૃષિ ઉત્પાદનોનો સમાવેશ થાય છે, જ્યારે આયાત બાસ્કેટમાં પ્રોસેસ્ડ ફૂડ, સિમેન્ટ અને પ્લાસ્ટિક ઉત્પાદનોનો સમાવેશ થાય છે. ભારત બાંગ્લાદેશ અને ભારત–મ્યાનમાર સરહદો પર આ LCSનું ડિજિટાઈઝેશન, વેપાર અને મુસાફરીને પ્રોત્સાહન આપવા માટે 1948થી સ્થપાયેલ, એક્ટ ઈસ્ટ પોલિસીને પૂરક બનાવે છે, જેમાં સુરક્ષિત કાગળ રહિત વ્યવહારો અને ઓનલાઈન ચુકવણીઓ દ્વારા બજાર જોડાણોની સાથે સાથે પ્રાદેશિક વિકાસમાં વધારો કરે છે.

➤ **ગુજરાત, આસામમાં 1.26 લાખ કરોડના ખર્ચે સેમિકન્ડક્ટર પ્લાન્ટ**

દેશમાં સેમિકન્ડક્ટરના મેન્યુફેક્ચરિંગ પર કેન્દ્ર સરકારે મોટો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય કેબિનેટે તેની બેઠકમાં તેની સાથે જોડાયેલા ત્રણ પ્રોજેક્ટની મંજૂરી આપી હતી. તેની સાથે જ ભારતમાં રૂ.1.26 લાખ કરોડના રોકાણ સાથે સેમિકન્ડક્ટરની સંપૂર્ણ વેલ્યૂ સ્થાપિત કરાશે. આ બેઠકમાં ગુજરાતમાં બે અને આસામમાં એક એવા ત્રણ સેમિકન્ડક્ટર એકમોની સ્થાપનાને મંજૂરી આપી હતી. આ નિર્ણયનો ઉદ્દેશ્ય ભારતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમની ખેતી કરવાનો છે. ધોલેરામાં સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ અને સાણંદમાં સેમિકન્ડક્ટર એટીએમપી (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ, પેકેજિંગ) યુનિટની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે. આ બે યુનિટ પ્લાન્ટનું બાંધકામ આગામી 100 દિવસમાં શરૂ થવાનું છે. ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ અને તાઈવાનની કંપની પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન સંયુક્ત રીતે પ્લાન્ટ સ્થાપશે, જે 91 હજાર કરોડના સંચિત રોકાણનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્લાન્ટ માસિક 50,000 સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **3 ડિગ્રી તાપમાન વધશે તો 90 ટકા હિમાલય સુકાઈ જશે**




બ્રિટનની ઈસ્ટ આંગલિયા યુનિવર્સિટીના સંશોધકોએ તૈયાર કરેલો અહેવાલ ક્લાઈમેટ ચેન્જ જનરલમાં પ્રસિદ્ધ થયો હતો. તેમાં ભારતને ચેતવણી આપવામાં આવી છે. તેમાં જણાવ્યું કે ભારતના સરેરાશ તાપમાનમાં 3 ડિગ્રી જેટલો વધારો થતા જ હિમાલયના 90 ટકા વિસ્તારને એક વર્ષ માટે દુષ્કાળનો સામનો કરવો પડશે. દેશનું સરેરાશ તાપમાન વધતા સૌથી ખરાબ અસર હિમાલયના વિસ્તારો પર પડશે. હિમાલય વિસ્તારમાં પણ પીવાના પાણી અને સિંચાઈના પાણીની અછત સર્જાશે. અલગ અલગ આઠ અભ્યાસોને સામે રાખીને આ નવો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ આઠેય અભ્યાસ ભારત, બ્રાઝિલ, ચીન, ઈજિપ્ત, ઈથિયોપિયા અને ઘાનાને કેન્દ્રમાં થયેલા અભ્યાસો છે. આ તમામ વિસ્તારોમાં આબોહવા પરિવર્તન, ગ્લોબલ વોર્મિંગ અને વધી રહેલા તાપમાનને કારણે પૂર, દુષ્કાળ કે બાયોડાયવર્સિટીમાં ઘટાડા જેવી સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

➤ **રિલાયન્સ અને ડિઝનીએ સંયુક્ત કંપની બનાવી**




29 ફેબ્રુઆરી, 2024ના રોજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL), Viacom18 મીડિયા પ્રાઈવેટ લિમિટેડ અને વોલ્ટ ડિઝની કંપનીએ ભારતની સૌથી મોટી ટીવી અને સ્ટ્રીમિંગ કંપનીઓમાંની એક બનવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. સંયુક્ત સાહસે દેશના ડિજિટલ મનોરંજન ક્ષેત્રમાં ઝડપી વૃદ્ધિને લક્ષ્યમાં રાખવા માટે ડિઝનીના સ્ટાર ઈન્ડિયા સાથે Viacom18નું મર્જર કર્યુ છે. આ જોડાણ કરાર મુજબ TV18 બ્રોડકાસ્ટ લિમિટેડ, RILની પેટાકંપની કે જે Viacom18માં બહુમતી હિસ્સો ધરાવે છે, તેમાં ડિઝનીને વ્યૂહાત્મક રોકાણ તરીકે સામેલ કરવામાં આવશે, જોડાણ પછી RIL આ સંયુક્ત સાહસમાં રૂ.11,500 કરોડનું રોકાણ કરશે અને 51 ટકા હિસ્સો ધરાવશે, ડિઝનીનો હિસ્સો 36.3% હશે, બાકીનો હિસ્સો પેરામાઉન્ટ ગ્લોબલ પાસે રહેશે.

➤ **સુનીલ ભારતી મિત્તલને બ્રિટનના રાજા તરફથી માનદ નાઈટહુડ આપવામાં આવ્યો**



27 ફેબ્રુઆરી, 2024ના રોજ ભારતી એન્ટરપ્રાઈઝિસના સ્થાપક અને અધ્યક્ષ સુનીલ ભારતી મિત્તલને રાજા ચાર્લ્સ III દ્વારા માનદ નાઈટહુડથી નવાજવામાં આવ્યા હતા. યુનાઈટેડ કિંગડમના રાજા ચાર્લ્સ III તરફથી માનદ નાઈટહુડ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય નાગરિક બન્યા છે. આ પ્રતિષ્ઠિત સન્માન ભારત-યુકે આર્થિક સંબંધોને મજબૂત કરવા માટે તેમના પ્રયાસોને માન્યતા આપે છે.

➤ **કપટપૂર્ણ કોલ્સ અને સંદેશાઓ સાથે વ્યવહાર કરવા માટેનું ડિજિટલ પ્લેટફોર્મ**

નાગરિકોને નાણાકીય છેતરપિંડીથી બચાવવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલામાં ભારત સરકારે ‘ચક્ષુ’ નામનું ડિજિટલ પ્લેટફોર્મ શરૂ કર્યુ છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા વિકસિત આ પ્લેટફોર્મ વ્યક્તિઓને છેતરપિંડીભર્યા કોલ્સ અને ટેક્સ્ટ સંદેશાઓની જાણ કરવા સક્ષમ બનાવે છે, જે લોકો સાથે છેતરપિંડી કરવા અને તેમના નાણા લૂંટવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરતા અજાણ્યા ગુનેગારો સામે મજબૂત સુરક્ષા પ્રદાન કરે છે.

➤ **ઉજ્જૈનમાં વિશ્વની સૌપ્રથમ વૈદિક ઘડિયાળ મુકાઈ**



ઉજ્જૈનના ગઉઘાટ સ્થિત જીવાજીરાવ વેદ્યશાળા ખાતે વૈદિક ઘડિયાળ મુકાઈ છે. તેનાથી સૂર્યોદય – સૂર્યાસ્તના સમય, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ અને શુભ મુહુર્ત સહિતની ઘણી સચોટ જાણકારી મળી શકશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવએ 1લી માર્ચે આ વૈદિક ઘડિયાળનું વર્ચ્યુઅલ રીતે લોકાર્પણ કર્યુ હતું. ઉજ્જૈનમાંથી કર્કવૃત્ત પસાર થાય છે અને ઉજ્જૈનને મંગળ ગ્રહનું જન્મસ્થાન પણ મનાય છે. વિક્રમ સવંતનો આરંભ પણ ઉજ્જૈનથી જ થયો હતો. આથી અહીની જીવાજીરાવ વેધશાળામાં 80 ફૂટ ઊંચા ટાવર પર વિશ્વની પ્રથમ વૈદિક ઘડિયાળ મૂકવામાં આવી છે. વૈદિક ઘડિયાળ ઈન્ટરનેટ અને ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS) સાથે જોડાયેલી રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **તેલંગાણામાં બે પ્રાચીન મંદિરોની શોધ**

પબ્લિક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિસ્ટરી, આર્કિયોલોજી એન્ડ હેરિટેજ (PRIHAS)ના પુરાતત્વવિદોએ તેલંગાણાના નાલગોંડા જિલ્લાના મુડીમાનિક્યમ ગામમાં દુર્લભ શિલાલેખ સાથે ચાલુક્ય સમયગાળાના બે પ્રાચીન મંદિરોના અસ્તિત્વની શોધ કરી હતી. ગામના છેડે આવેલા બંને મંદિરો ઈ.સ.543 અને ઈ.સ.750 વચ્ચેના છે જે બદામીના ચાલુક્યોના શાસનનો ઉલ્લેખ કરે છે. આ મંદિરો રેખા નાગર પ્રારૂપમાં બાંધવામાં આવ્યા છે, જે બાદામી ચાલુક્ય તેમજ કદંબ નાગર શૈલીની લાક્ષણિકતાઓને પ્રતિબિંબિત કરે છે, અને અનન્ય સ્થાપત્ય શૈલી પ્રદર્શિત કરે છે. મંદિરના ગર્ભગૃહમાં પનવત્તમ (શિવલિંગનો આધાર)નું અસ્તિત્વ મળી આવ્યું છે. જ્યારે બીજા મંદિરમાં ભગવાન વિષ્ણુની મૂર્તિ મળી આવી છે.

➤ **રાષ્ટ્રીય બગાયત મેળો 2024**



ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટિકલ્ચરલ રિસર્ચ (IIHR) 5 થી 7 માર્ચ, 2024 દરમિયાન બેંગ્લુરુની બહારના તેના હેસરઘટ્ટા કેમ્પસમાં ત્રણ દિવસીય રાષ્ટ્રીય બગાયત મેળાનું આયોજન કરી રહ્યું છે. મેળાની થીમ 'Nextgen technology-led horticulture for sustainable development' છે. ICAR-IIHR દ્વારા સોસાયટી ફોર પ્રમોશન ઓફ હોર્ટિકલ્ચર (SPH), BESST-HORT (એક ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર), ICAR-ATARI બેંગ્લુરુ અને અગ્રણી વિકાસ વિભાગોના સહયોગથી રાષ્ટ્રીય બગાયત મેળો 2024નું આયોજન કરવામાં આવ્યું છે.

## વિશ્વ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ઈરાને પાર્સ-1 રિમોટ સેન્સિંગ ઉપગ્રહ લોન્ચ કર્યો**



1 માર્ચ, 2024ના રોજ ઈરાને રશિયન સોયુઝ - 2.1B રોકેટનો ઉપયોગ કરીને તેના સ્થાનિક રીતે ઉત્પાદિત 'પાર્સ-1' રિમોટ સેન્સિંગ ઉપગ્રહને ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક લોન્ચ કર્યાની જાહેરાત કરી હતી. આ ઉપગ્રહનો ઉપયોગ કૃષિ મોનિટરિંગ, કુદરતી સંસાધન મેપિંગ, જળ વ્યવસ્થાપન, આપત્તિ પ્રતિભાવ આયોજન અને અન્ય નાગરિક કાર્યક્રમો માટે કરવામાં આવશે. પાર્સ-1 એક વર્ષથી વધુનું આયુષ્ય ધરાવે છે. મલ્ટિસ્પેક્ટ્રલ કેમેરા જેવા નિષ્ણાત સાધનોથી સજ્જ, તે ભ્રમણકક્ષામાંથી બહુવિધ સેન્સર બેન્ડ સાથે ઉચ્ચ–રિઝોલ્યુશન ઈમેજરી કેપ્ચર કરી શકે છે.

➤ **ભારત શ્રીલંકામાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે 11 મિલિયન ડોલરનું ધિરાણ કરશે**

2 માર્ચના રોજ ભારતે શ્રીલંકાના જાફના દ્વીપકલ્પના ત્રણ ટાપુઓ પર હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા માટે શ્રીલંકા અને ખાનગી ભાગીદાર સાથે 11 મિલિયન ડોલર ગ્રાન્ટ પ્રોજેક્ટ પર હસ્તાક્ષર કર્યા હતા. આ પહેલ શ્રીલંકાના ઉત્તર અને પૂર્વમાં શરૂ થનારી ત્રીજો ભારત સમર્થિત ઊર્જા પ્રોજેક્ટ છે. નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન પૂર્વીય સેમપુર શહેરમાં સૌર સાહસનું નેતૃત્વ કરી રહ્યું છે, જ્યારે અદાણી જૂથ ઉત્તરમાં મન્નાર અને પુનારીનમાં નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ સ્થાપી રહ્યું છે.

1. તાજેતરમાં શ્રી નીલ વાગ્નેરે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. તેઓ કયા દેશના પ્રસિદ્ધ ફાસ્ટ બોલર હતા ? – ન્યુઝિલેન્ડ
2. ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ આઉટલુક 2024 તાજેતરમાં સમાચારમાં જોવા મળ્યો છે, તે નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ? – UNEP
3. તાજેતરમાં અવસાન પામેલ બ્રાયન મુલરોની કયા દેશના પૂર્વ વડાપ્રધાન હતા ? – કેનેડા
4. તાજેતરમાં કેટલા રેલવે સ્ટેશનોએ પ્રતિષ્ઠિત 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર સફળતાપૂર્વક હાંસલ કર્યુ છે ? – 150
5. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે રાજ્ય જળ માહિતી કેન્દ્ર (SWIC)ની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે ? – ઓડિશા
6. તાજેતરમાં સમાચારમાં રહેલ સિંદરી ફર્ટિલાઈઝર પ્લાન્ટ કયા રાજ્યમાં આવેલો છે ? – ઝારખંડ
7. તાજેતરમાં કયું રાજ્ય AB-PMJAY હેઠળ પાંચ કરોડ આયુષ્માન કાર્ડ જારી કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે ? – ઉત્તરપ્રદેશ
8. અમરાબાદ ટાઈગર રિઝર્વ તાજેતરમાં ચર્ચામાં હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – તેલંગાણા
9. નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપ (NPG)ની 66મી બેઠક ક્યાં યોજાઈ હતી ? – નવી દિલ્હી
10. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ Yars મિસાઈલ કયા દેશ દ્વારા વિકસાવવામાં આવેલ આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલ છે ? – રશિયા
11. તાજેતરમાં સમાચારમાં રહેલ 'MH 60R Seahawk' શું છે ? – બ્લેકહોક હેલિકોપ્ટરનું મેરીટાઈમ વેરિએન્ટ
12. 'અદિતિ યોજના' તાજેતરમાં સમાચારમાં હતી, તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલી છે ? – રક્ષા ક્ષેત્ર
13. તાજેતરમાં કયા મંત્રાલયને નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન એકાઉન્ટ્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું છે ? – માહિતી અને પ્રસારણ મંત્રાલય
14. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ ઈન્દિરમ્મા આવાસ યોજના કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તેલંગાણા
15. તાજેતરમાં સમાચારમાં રહેલ અગાલેગા ટાપુ કયા દેશમાં આવેલો છે ? – મોરેશિયસ
16. નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG)ના નવા ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી દલજીતસિંહ ચૌધરી
17. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) અને હિન્દુસ્તાન ઝિંક વચ્ચેની ભાગીદારીનો હેતુ કયા રાજ્યના નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવાનો છે ? – રાજસ્થાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

18. ભારતની કઈ રાજ્ય સરકારે તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULB)માં 'વન ટાઈમ સ્કીમ' (OTS) રજૂ કરી છે ? – તેલંગાણા

19. C-DOTએ મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસ 2024માં ભારતના ટેલિકોમ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે કોની સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – Qualcomm

20. 'FIH ઓડિશા હોકી મેન્સ વર્લ્ડ કપ 2023' નામનું પુસ્તક કોણે બહાર પાડ્યું છે ? – નવીન પટનાયક

21. સ્પેનિશ બોલતા વિશ્વમાં કયો દેશ ભારત સાથે ફાર્માકોપિયાની માન્યતા અંગેના MoU પર હસ્તાક્ષર કરીને ભારતીય ફાર્માકોપિયાને માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો છે ? – નિકારગુઆ

22. તાજેતરમાં મુંબઈની કઈ સંસ્થાએ 'Rs 100 Tablet' તરીકે ઓળખાતી કેન્સરની સારવાર સફળતાપૂર્વક વિકસાવવાની જાહેરાત કરી છે ? – ટાટા ઈન્સ્ટિટ્યૂટ

23. વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલ દ્વારા 2027 વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના યજમાન તરીકે કયા શહેરની જાહેરાત કરવામાં આવી છે ? – બેઈજિંગ

24. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા આયોજિત મહાસાગર પર પ્રથમ 'બ્લુ ટોક્સ' બેઠક કયાં યોજાઈ હતી ? – નવી દિલ્હી

25. કયો દેશ ભાવિ પેઢીઓને તમાકુના વેચાણ પર પ્રતિબંધ મૂકતો કાયદો રદ કરી રહ્યો છે ? – ન્યુઝિલેન્ડ

26. તાજેતરમાં છપચાર કુટ ઉત્સવ કયાં ઉજવવામાં આવ્યો હતો ? – મિઝોરમ

27. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)એ તેમની પ્રીમિયમ પેટ્રોલ 'સ્પીડ' માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની સાથે ભાગીદારી કરી છે ? – શ્રી નીરજ ચોપરા

28. _____ સરકારે દેશમાં ઝડપથી વધી રહેલા ડેન્ગ્યુ તાવના પ્રકોપને કારણે 90 દિવસની આરોગ્ય કટોકટી જાહેર કરી છે. – પેરુ

29. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)ની 13મી મંત્રી પરિષદ 27 ફેબ્રુઆરીના રોજ _____ ખાતે શરૂ થઈ છે. – અબુધાબી, UAE

30. _____ રૂફટોપ સોલાર યોજનાને પ્રોત્સાહન આપશે. – ઈન્ડિયા પોસ્ટ

31. દુર્લભ રોગ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? – 29 ફેબ્રુઆરી
(વર્ષ 2024ના દુર્લભ રોગ દિવસની થીમ 'Share Your Colours' છે)

32. તાજેતરમાં સ્ટેનલેસ સ્ટીલ ક્ષેત્રમાં ભારતના પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટનું ઉદ્દઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ? – હરિયાણા

33. તાજેતરમાં નિવૃત્તિ જાહેર કરનાર બી સાઈ પ્રણીત કઈ રમત સાથે સંકળાયેલા છે ? – બેડમિન્ટન

34. તાજેતરમાં કઈ સંસ્થાએ 'ઓલ ઈન્ડિયા રિસર્ચ સ્કોલર્સ સમિટ (AIRSS) 2024'નું આયોજન કર્યુ હતું ? – IIT મદ્રાસ

35. ભારતનું પ્રથમ સ્વદેશી પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર કયાં આવેલું છે ? – કલ્પક્કમ

36. યુરેનસ અને નેપ્ચ્યુનની પરિક્રમા કરતા કેટલા નવા ચંદ્ર શોધાયા છે ? – ત્રણ

37. કઈ સંસ્થાએ 4 માર્ચ, 2024ના રોજ તેનો 174મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો ? – ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ

38. કયા શહેરની સિલ્વર ફીલીગ્રીને તાજેતરમાં GI ટેગ આપવામાં આવ્યો છે ? – કટક

39. તાજેતરમાં અગ્રણી વૈશ્વિક ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝે 2024માં ભારતના GDP વૃદ્ધિ માટેનું અનુમાન 6.1 ટકાથી વધારીને _____% કર્યુ છે. – 6.8 ટકા

40. તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે 19મી નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક જુનિયર એથ્લેટિક્સ મીટ યોજાઈ હતી ? – અમદાવાદ

41. ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુ દ્વારા _____ કલાકારોને વર્ષ 2022 અને 2023 માટે પ્રતિષ્ઠિત સંગીત નાટક અકાદમી પુરસ્કારો એનાયત કરશે. – 94

42. છત્તીસગઢમાં સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (SECL)ની _____ ખાણ એશિયાની સૌથી મોટી કોલસાની ખાણ બનવાની તૈયારીમાં છે. – ગેવરા ખાણ

43. તાજેતરમાં સમાચારમાં રહેલ કી પેયોર કયા રાજ્યનો 26મો જિલ્લો બન્યો છે ? – અરૂણાચલ પ્રદેશ

44. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલી ઈન્દિરા ગાંધી પ્યારી બેહના સુખ સન્માન નિધિ યોજના કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવી છે ? – હિમાચલ પ્રદેશ

45. અટલ ઈનોવેશન મિશન (AIM)એ તાજેતરમાં શાળાઓમાં ફ્રન્ટીયર ટેક્નોલોજી લેબ્સ સ્થાપિત કરવા માટે કઈ કંપની સાથે સહયોગ કર્યો છે ? – Meta

46. 'નેશનલ યુથ પાર્લામેન્ટ ફેસ્ટિવલ 2024'માં પ્રથમ ઈનામ કોણે જીત્યું છે ? – યતિન ભાસ્કર દુગ્ગલ

47. તાજેતરમાં જળ શક્તિ મંત્રાલયે ડેમ માટે ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના માટે કઈ સંસ્થા સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા ? – IISc બેંગ્લોર

48. DGCA તરફથી એર ઓપરેટર સર્ટિફિકેટ (AoC) મેળવનાર પ્રાદેશિક એરલાઈનનું નામ શું છે ? – Fly91

49. કઈ કંપનીએ MethaneSAT ઉપગ્રહને ભ્રમણકક્ષામાં લોન્ચ કર્યો છે ? – SpaceX

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

50. કઈ કંપનીએ UDacity હસ્તગત કરી અને LearnVantage પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે ? – એક્સેન્ચર

51. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)એ ભારતના કયા રાજ્ય સાથે મળીને અત્યાધુનિક AI કેન્દ્રની સ્થાપનાની જાહેરાત કરી હતી ? – કર્ણાટક

52. કઈ કંપનીએ એન્ટરપ્રાઈઝ માટે ભારતનો પ્રથમ UPI-Led QR સ્ટેક લોન્ચ કર્યો છે ? – Razorpay

53. ભારત માટે 100 ટેસ્ટ મેચ રમનાર 14મો ખેલાડી કોણ બન્યો છે ? – શ્રી રવિચંદ્રન અશ્વિન

54. એશિયન રિવર રાફ્ટિંગ ચેમ્પિયનશિપનું આયોજન ક્યાં કરવામાં આવી રહ્યું છે ? – શિમલા

55. IPL 2024 પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદે કોને તેના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે ? – પેટ કમિન્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT